Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.12 - Issue 6
June 2019
Price 12/-

રાજકોટ ખાતે ચેટીચંડના દિવસે બ્ર.કુ. ભારતીબેનનું સન્માન કરતાં સિંધી સમાજના પ્રમુખ અને આજકાલ સમાચાર પત્રના માલિક ભ્રાતા દીપકભાઈ જેઠવાણી તથા અન્ય આગેવાનો.

સોનગઢના નવનિર્મિત સેવાકેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે કેક કટીંગ કરતાં બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. રંજનબેન, નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ, વ્યાપારી રજનીભાઈ, બ્ર.કુ.મંજુબેન, બ્ર.કુ. અરુણાબેન.

સુરત ઉમરા ઉપસેવાકેન્દ્રના મંગલ ઉદ્‌ઘાટન પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં બ્ર.કુ. તૃપ્તિબેન બાજુમાં બ્ર.કુ. પુર્ણિમાબેન, બ્ર.કુ. જૈમિનાબેન તથા બ્ર.કુ. કવિતાબેન.

પોરબંદર ખાતે નેવલ કાર્યાલયમાં આયોજીત 'તનાવમુકિત વર્કશોપ' કાર્યક્રમ બાદ બ્ર.કુ. ગીતાબેનને મોમેન્ટો આપી સન્માન કરતાં કમાન્ડર ભ્રાતા દેવરાજ થાપા બાજુમાં બ્ર.કુ. લીનાબેન.

દીવ સેવાકેન્દ્રમાં NCCની વિદ્યાર્થિનીઓ માટે આયોજીત 'તનાવમુક્ત જીવન' કાર્યક્રમ બાદ સમૂહચિત્રમાં NCCના નેવલ કમાન્ડીંગ ઓફિસર બ્ર.કુ. શિવસીંગભાઈ, ANO વંદનાબેન કામલીયા, બ્ર.કુ. ગીતાબેન.

બારડોલી સેવાકેન્દ્રમાં આયોજીત 'મહિલા જાગૃતિ શિબિર'માં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. મંજુબેન, તાલુકા વિકાસ અધિકારી ભ્રાતા એચ.એમ. બારીયા, બ્ર.કુ. જયશ્રીબેન તથા અન્ય મહાનુભાવો.

પેટલાદ ખાતે આયોજીત 'સ્વર્ણિમ સંસ્કૃતિ સે સ્વર્ણિમ સંસ્કાર' કલા સંસ્કૃતિ પ્રભાગના કાર્યક્રમમાં બ્ર.કુ. ભગવતીબેન, બ્ર.કુ. સતીષભાઈ, બ્ર.કુ. દયાલભાઈ, બ્ર.કુ. નીતિનભાઈ તથા કલાકારો.

સાધલી સેવાકેન્દ્ર દ્વારા આયોજીત 'આધ્યાત્મિક સત્ય નારાયણની કથા'માં કથાકાર, બ્ર.કુ. જ્યોતિબેન, બ્રહ્માકુમારી બહેનો, કથામાં ભાગ લેનાર ભાઈ-બહેનો.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૨ જૂન-૨૦૧૯ અંક : ૦૬

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- શાંતિનું સૂક્ષ્મ સ્વરૂપ ....તંત્રી સ્થાનેથી ..04
- પ્રસન્નતાના પથ પર......................બ્ર.કુ. શિવાનીબેન ..07
- મધુવનમાં ગૂંજી રહી છે ગીતાના. ....બ્ર.કુ. સૂર્યભાઈ ..09
- માતેશ્વરી જગદંબા સરસ્વતી 12
- તેજસ્વિની, સહનશીલ અને કારુણ્યમૂર્તિ ....બ્ર.કુ. કૌશિક ..14
- ભેદભાવ ....બ્ર.કુ. જયુભાઈ ..16
- ગીતા ઉપર નવું સંશોધન ....બ્ર.કુ. ઈશ્વરભાઈ ..17
- બાબાના વારિસ બનીએ ....બ્ર.કુ. વારિસભાઈ ..21
- વિનયથી વિદ્યાર્થી દીક્ષિત બને ....બ્ર.કુ. અનિલ ..24
- યજ્ઞ સેવા ....બ્ર.કુ. કેશુભાઈ ..26
- દિવ્યદર્શન.................................બ્ર.કુ. નંદિનીબેન ..31
- ચિંતન ....બ્ર.કુ. પિનાક ..33

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૧૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૨.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 2762 0866

મુદ્રક અને પ્રકાશક
રાજયોગિની સરલાદીદી

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2543 1676, 2532 4360, 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

શાંતિનું સૂક્ષ્મ સ્વરૂપ

સાયલેન્સ વર્લ્ડની ‘શાંતિ સંશોધન સમિતિ’માં કાર્ય કરવાનું બન્યું ત્યારથી વિશેષરૂપે મન શાંતિ વિષયક વિચારોમાં વ્યસ્ત થઈ ગયું. વાસ્તવમાં આપણે શાંતિનું સંશોધન કાર્ય કરતા નથી. પણ સંકલનનું કાર્ય કરીએ છીએ. **શાંતિના વિચારો, અનુભૂતિઓ સાર્વત્રિક છે.** દેશ વિદેશોના અનેક મહાન સ્ત્રી પુરુષોએ, સંતોએ, ધર્મસ્થાપકોએ તેની વિભાવના આપી છે. આદર્શ ઉદાહરણો પ્રસ્તુત કર્યાં છે.

સાંપ્રત સમયમાં આ ક્ષેત્રે સૌથી મહાન કાર્ય બ્રહ્માકુમારીઝ સંસ્થા કરી રહી છે. માત્ર **‘ઓમશાંતિ’**ના નામથી પ્રચલિત આ સંસ્થાના સાધકોને પ્રચાર માટે વિશેષ કંઈ કરવાનું નથી. બ્રહ્માવત્સોનાં મુખારવિંદ, સેવાકેન્દ્રો, બ્રહ્માકુમારીઝના મુખ્યાલય માઉન્ટ આબુ તથા આબુરોડનાં ભવનોમાં પગ મૂકતાં જ શાંતિનાં વાયબ્રેશન અનુભવાય છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા યુનોએ **‘પીસમેડલ’** અને **‘પીસ મેસેન્જર એવોર્ડ’** આપીને તેનું સન્માન કર્યું છે.

જ્યાં સુધી મુખનું મૌન, મનનું મૌન બનતું નથી ત્યાં સુધી આંતરિક શાંતિ અનુભવાતી નથી. તેથી મનોનિગ્રહથી જ સ્થાયી શાંતિ સંભવી શકે છે. બાબા, મમ્માના મુખારવિંદ પર સ્થાયી અને ચુંબકીય શાંતિની અનુભૂતિ થતી હતી. મહાત્મા બુદ્ધના શાંત, સ્વસ્થ મુખારવિંદથી અંગુલિમાલ જેવો ઘાતકી લૂંટારો પણ પ્રભાવિત થઈ ગયો હતો. તેણે પોતાના જીવનનું પરિવર્તન કર્યું હતું.

પ્રકૃતિનાં રમ્યસ્થાનો, સત્સંગો, પાવનધામો શાંતિની અનુભૂતિ કરાવે છે પણ મનની સ્વસ્થતા, બુદ્ધિનું નિયંત્રણ જ સ્થાયી શાંતિની અનુભૂતિ કરાવી શકે છે. ક્રોધ કરતાં, લડતાં ઝઘડતાં માનવોને કોઈ પ્રતિભાશાળી વ્યક્તિ શાંત રહેવાનું કહેતાં તેઓ શાંત થઈ જાય છે. પણ મનમાં તો સંઘર્ષના વિચારો, બદલાની ભાવનાના વિચારો ચાલતા હોય છે. ફરીથી જ્યારે ઉત્તેજક વાતાવરણમાં આવવાનું બને ત્યારે અશાંતિ ભિન્ન ભિન્ન સ્વરૂપે બહાર નીકળતી હોય છે.

અકર્મણ્યતા એ શાંતિ જાળવવાનો યથાર્થ રાહ નથી. **જેની સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા પરિવારનાં હોઈએ કે પોતે જેમાં સંકળાયેલા હોઈએ તેવાં કાર્યોમાં ખોટું, અનૈતિક થતું હોય તો શાંતચિત્તે તેને રોકવાનો પુરુષાર્થ જરૂરી છે.** મારે શું? એવી અકર્મણ્યતાથી તો અનિષ્ટો વધારે ફાલે ફૂલે છે. આજનું વાતાવરણ એટલું તમોપ્રધાન છે કે તમે શાંતિથી તમારું કાર્ય કરતા હો, પોતે પોતાનાં મૂલ્યો પ્રમાણે જીવન જીવતાં હો આમ છતાં વિઘ્નસંતોષી કે મલિન ઈરાદાઓવાળા લોકો તમારી શાંતિ ભંગ કરે છે.

આવી પરિસ્થિતિમાં મીઠા બાબાનાં મહાવાક્યો યાદ આવે છે. **હું શાંત સ્વરૂપ આત્મા છું, શાંતિના સાગર શિવ પિતાનું સંતાન છું એનો સતત અભ્યાસ વિઘ્નવિનાશક બને છે. શાંતિ માટે કોઈપણ પ્રકારનું મૂલ્ય ચૂકવવું પડતું નથી. તે તો આત્માનો સ્વધર્મ છે. તેથી સ્વધર્મની સ્મૃતિમાં રહેવું. જેને પોતાના ઘરમાં શાંતિ મળતી નથી તેને બહાર ક્યાંય શાંતિ મળતી નથી. શાંતિને ખરીદી શકાતી નથી.**

જેની જીવન જરૂરિયાતો ઓછી છે. શાંતિ ભર્યું આધ્યાત્મિક જીવન છે, કોઈની પાસેથી કોઈ અપેક્ષા નથી, ઈશ્વરીય મર્યાદાઓ વિરુદ્ધનું કોઈ કાર્ય નથી તે નિરંતર શાંતિનો અનુભવ કરે છે. સર્વ પ્રકારના વ્યર્થથી મુક્ત બનેલો સાધક નૈસર્ગિક ઊંઘ અને શાંતિની અનુભૂતિ કરે છે. ભૌતિકતા, આધ્યાત્મિકતા વચ્ચે કોઈ સંઘર્ષ નથી. પણ તે કલ્યાણકારી દૃષ્ટિકોણથી રંગાયેલો હોય. **ભવનની ભવ્યતા કરતાં જીવનની દિવ્યતા અગ્રસ્થાને છે. જેના જીવનમાં સંતુષ્ટતા છે, કર્મના સિદ્ધાંતનું, ડ્રામા (સૃષ્ટિચક્ર)નું યથાર્થ જ્ઞાન છે તેવો આત્મા ગમે તેવી પરિસ્થિતિમાં પણ શાંત, સ્વસ્થ રહે છે.** વિચલિત થતો નથી. શાંતિ મેળવવા માટે ભિન્ન ભિન્ન પ્રકારના પુરુષાર્થની જરૂર છે. આજનું જીવન યંત્રવત્ જીવન છે તેથી જો નીચેની ધારણાઓ અપનાવીશું તો શાંતિમય જીવન જીવી શકીશું.

તનાવમુક્ત જીવન

શાંતિથી જીવવા માટે તનાવમુક્ત જીવન જરૂરી છે. તનાવમુક્ત જીવન જીવવા માટે સતત જાગૃત રહેવું પડે છે. આજનું જીવન ભૌતિકતાની ઝાકમઝોળથી અંજાયેલું છે. આધુનિક જીવન જીવતાં લોકો પોતાની આર્થિક ક્ષમતાનો ખ્યાલ કર્યા વિના ભિન્ન ભિન્ન વસ્તુઓ લોન કે કરજથી ખરીદતાં હોય છે. કેટલાક ક્રેડીટકાર્ડ દ્વારા ધૂમ ખરીદી કરે છે. જ્યારે પૈસા ચૂકવવાનો વારો આવે છે ત્યારે તે સમય મર્યાદામાં ના ચૂકવાતાં વધુ પડતું વ્યાજ, પેનલ્ટીની શરૂઆત થાય છે. કેટલાક લોકો આમાં બરબાદ થઈ જાય છે.

સાદું જીવન, ઉચ્ચ વિચાર, જરૂરિયાતો ઓછી એ શાંતિનો રાહ છે. કદીયે કાયદા વિરુદ્ધનાં ખોટાં કાર્યો કરવાં નહીં. ખોટું કરનારને મોડે મોડે પણ પકડાઈ જતાં સજા થાય છે. કદીયે રાજકારણીઓ સાથે ઘરેલું સંબંધો રાખવા નહીં. રાજકારણીઓ સત્તા મેળવવા, મતો મેળવવા સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવે છે. તેથી શાંતિ હણાઈ જાય છે.

કદીયે કોઈની સાથે વેર, દુશ્મનાવટ રાખવી નહીં. તેમાંયે પોતાનાં કરતાં તનમાં શક્તિશાળી, પૈસે ટકે સત્તાથી સમૃદ્ધ, અનેક માનવોની શક્તિવાળાથી દૂર રહેવું. તેની સાથે દુશ્મનાવટ ના કરવી. તેના કારણે કેટલાંયનાં મૃત્યુ થાય છે. ખોટા કેસ થાય છે. શારીરિક, માનસિક અને આર્થિક ખુવારી વેઠવી પડે છે. પોતાની આર્થિક ક્ષમતાને ધ્યાનમાં રાખીને ધંધો, રોજગાર, કરવાં. પછેડી પ્રમાણે સોડ તાણવી.

માન, શાન, પદ પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિના ગુલામ ના બનવું. સ્વાભાવિક રીતે મળે તે સ્વીકારવું. પણ તે માટે જ્ઞાતિવાદ, જૂથવાદ કે ભાષાવાદનો આશરો ના લેવો.

પારિવારિક સંબંધોમાં સદ્ભાવના

પાંચે આંગળીઓ સરખી નથી. સંસારમાં બધા જ માનવોના સ્વભાવ, સંસ્કાર એક સરખા હોતા નથી. જૂના જમાનામાં સંયુક્ત કુટુંબો હતાં તેથી નહીં કમાનારનું પણ પોષણ થતું. માંદગી કે આકસ્મિક સંજોગોમાં પરિવારના અન્ય સભ્યોનો સાથ મળતો. સંગઠિત, એકતાવાળા પરિવાર સામે કોઈ પડતું નહીં. આજે તો ઘર ઘરમાં લડાઈ ઝઘડા, કલેશ કંકાસ, કોર્ટ કચેરીની ઘટનાઓ બને છે. પ્રસિદ્ધ ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણીના નાના પુત્ર અનિલે એક સમયે મોટા ભાઈ મુકેશ સામે પારિવારિક મિલકત માટે કેસ કરેલા. હમણાં અનિલ અંબાણી 480 કરોડ લેણદાર કંપનીને ના ચૂકવે તો ત્રણ માસની જેલની સજાની વાત સુપ્રીમ કોર્ટે કરી હતી. આવા સમયે અંતિમ તારીખના

એક દિવસ પહેલાં જ અનિલની લેણદાર કંપનીનાં નાણાં મોટાભાઈ મુકેશ અંબાણીએ ચૂકવ્યાં. ભાઈની વહારે આવી તેની લાજ બચાવી. અખબારોએ પણ તેની સારી એવી નોંધ લીધી. તેથી **પારિવારિક સંબંધો મીઠાશ પૂર્ણ રાખવા. કોઈ એવા સંજોગો હોય તો ન્યારા પ્યારા બનવું.**

કદીયે કાયદાઓની અવગણના ના કરવી.

સરકારે બનાવેલા કાયદાઓ અને આધ્યાત્મિક જીવનની મર્યાદાઓનું પાલન કરવું જરૂરી છે. સરકારી કાયદાઓના ભંગ બદલ દંડ, સજા ભોગવવી પડે છે. **આધ્યાત્મિક કાયદાના ઉલ્લંઘનથી આત્મા ડંખે છે, ઊંઘ હરામ થાય છે, અશાંતિ જન્મે છે, ચેન પડતું નથી. તેથી કાયદાના પાલનમાં જ ફાયદો છે.**

નીતિનો વેપાર - નોકરી

ભલે થોડો નફો મળે પણ વેપારમાં પણ નૈતિકમૂલ્યો જાળવી રાખવાં, કાળાબજાર, ભાવવધારો, ઓછું તોલમાલ, ખાદ્ય તથા અન્ય પદાર્થોમાં ભેળસેળ, ગુણવત્તા કરતાં હલકી વસ્તુઓનો વેપાર ગ્રાહકોને પસંદ પડતો નથી. મોડા વહેલા આવો વેપાર કરનારને ખોટ સહન કરવી પડે છે. ભાગીદાર સાથે પ્રામાણિકતાથી વર્તવું. તેની સાથે કદી વિશ્વાસઘાત, છેતરપિંડી ના કરવી.

નોકરીમાં પોતાના સ્થાનનું ગૌરવ જળવાય તે રીતે સેવા કરવી. આપણાં વાણી, વ્યવહારથી કોઈની સાથે ખરાબ વ્યવહાર ના કરવો. પ્રમોશન ગુણવત્તાથી મેળવવું. કોઈની ચાડી ચુગલી કરી, ખોટા માર્ગથી પ્રાપ્તિની આશા ના રાખવી. અખબારોમાં એવી ઘટનાઓ બને છે કે નિવૃત્તિના આગલા દિવસે ભ્રષ્ટાચાર પકડાઈ જતાં નિવૃત્તિ બગડે છે. ક્યારેક પેન્શન, પી.એફ.નાં નાણાં પણ જપ્ત થાય છે. શાંતિની અનુભૂતિ માટે આ સતર્કતા જરૂરી છે.

ધનનો સદુપયોગ

ધનને વ્યસન, ફેશન, વિકારો, કુસંગ, દુરાચારોમાં પડીને વેડફવું નહીં. આવનાર દિવસો, નિવૃત્તિ, આકસ્મિક સંજોગોનું ધ્યાન રાખીને બચત કરવી. સલામત સ્થળોએથી નિયમિત વ્યાજ મળે તેવી ગોઠવણ કરવી.

કમાણીનો દસમો ભાગ ઈશ્વરીય સેવાઓમાં, જનહિતનાં કાર્યોમાં વાપરવો. આખરે તો સત્કર્મનું ભાથુ જ આત્માની સાથે આવે છે. ધનનો ઉપયોગ કરતાં પહેલાં શ્રીમતમાં શું કહ્યું છે તેનું ધ્યાન રાખવું. ઈશ્વરીય કાર્યોમાં કરેલો સહયોગ અનેક ઘણો થઈને પરત મળે છે.

ચિંતા નહીં, ચિંતન

દરેકના દિવસો એક સરખા જતા નથી. સુખ દુ:ખની સંતાકૂકડી ચાલ્યા જ કરે છે. પરિસ્થિતિ બદલાય છે, સંજોગો બદલાય છે, વાતાવરણ બદલાય છે તો મન ચિંતાતુર બની જાય છે. આવા સમયે નાસીપાસ ના થતાં ઈશ્વરીય જ્ઞાનના આધારે સમસ્યાઓનું સમાધાન શોધવું. તે માટે ગુણવાન નિષ્ણાતોની સલાહ લેવી. **મનને જ્ઞાન, ઈશ્વરીય યાદના ચિંતનમાં વ્યસ્ત રાખવું.**

રાજયોગનો નિયમિત અભ્યાસ

ગમે તેવી પરિસ્થિતિઓમાં રાજયોગનો અભ્યાસ નિયમિતપણે કરવો. રાજયોગમાં સર્વ સમસ્યાઓનું સમાધાન છે. એવા કેટલાયે રાજયોગીઓ વિકરાળ પરિસ્થિતિઓમાંથી બહાર નીકળીને વિજયી બન્યા છે. ઈશ્વરીય મર્યાદાઓનું સંપૂર્ણ પાલન કરનાર બ્રહ્માવત્સો નિરંતર શાંતિની અનુભૂતિ કરે છે.

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

પ્રસન્નતાના પથ પર

દિવસ દરમિયાનની મનની સ્થિતિને તપાસો

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

આજે આપણું જીવન શાના પર નિર્ભર છે ? પરિસ્થિતિ પર. પરિસ્થિતિમાંયે લોકો પર, લોકોના મૂડ પર, લોકોના સ્વભાવ પર નિર્ભર છે. મારા મનની સીમા (સ્ટેટ ઓફ માઈન્ડ) લોકોના સ્વભાવ પર નિર્ભર છે તો હું ખુશ કઈ રીતે રહી શકીશ ? મારું શારીરિક સ્વાસ્થ્ય જો બહારની ઋતુ પર, બહારના ઈન્ફેક્શન, બહારના બેક્ટેરિયા પર નિર્ભર છે તો હું કઈ રીતે સ્વસ્થ રહી શકીશ ? જ્યારે મારા શરીરની રોગ પ્રતિકારક ક્ષમતા ખતમ થઈ જાય છે ત્યારે મને ઈન્ફેક્શન થઈ જાય છે, બેક્ટેરિયા હુમલો કરે છે, બધા વાયરસ આવી જાય છે. જો હું પોતાના શરીરનું ધ્યાન રાખું છું, રોગ પ્રતિકારક શક્તિને મજબૂત બનાવું છું તો મારા પર રોગનું આક્રમણ થતું નથી. જેવી મારી રોગ પ્રતિકારક શક્તિ સમાપ્ત થઈ જાય છે ત્યારે મને બધાં ઈન્ફેક્શન થઈ જાય છે. બેક્ટેરિયા હુમલો કરે છે બધા વાયરસ આવી જાય છે. બહારની ઋતુ બદલાય, તોફાન થાય, બરફ પડે ત્યારે હું પોતાનું ધ્યાન ના રાખું અને કહું કે ઋતુ બરાબર નથી. આટલી ઠંડી પડી રહી છે, બીમાર તો પડી જવાય એવા મારા વિચાર છે. આપણે બીમાર થવું છે કે સ્વસ્થ રહેવું છે તે વિકલ્પ આપણી પાસે છે.

પરિસ્થિત મારી ખુશી પર કુઠારાઘાત ના કરે. જે રીતે આપણે પોતાના શરીરનું ધ્યાન રાખીએ છીએ તે રીતે આપણા મનનું ધ્યાન રાખવાનું છે. મનનું ધ્યાન રાખીશું, તેની દરરોજ સફાઈ કરીશું, પોષણ આપીશું, વ્યાયામ કરીશું તો જે વસ્તુ બહાર કાઢવાની છે તે જતી રહેશે. આપણને તેની ખબર પણ નહીં પડે. આપણી ખુશીને પ્રભાવિત કરી શકે તેવી બહારની વાતોમાં કોઈ શક્તિ જ નથી.

કોઈ આપણને સારું ખોટું સંભળાવે, કોઈ નારાજ થઈ જાય. બાળકો આપણાથી સંતુષ્ટ નથી. બોસ ગુસ્સે થઈ જાય આ બેક્ટેરિયા જ છે જે બહારથી આવે છે. પાણીનો વરસાદ અને વ્યવહારનો વરસાદ એમાં ફરક છે. વરસાદની સીઝનમાં છત્રી, રેઈનકોટનો ઉપયોગ કરી શકું છું. પણ ભાવનાત્મક સુરક્ષા (ઈમોશનલ પ્રોટેક્શન) કરતાં શારીરિક સુરક્ષા રાખવાનું સહેલું છે. જ્યારે આપણે ભાવનાત્મક સુરક્ષા રાખવાનું શરૂ કરીશું ત્યારે તે પણ સરળ બની જશે. પછી કોઈ આપણને ગમે તે બોલે તેનો આપણા પર પ્રભાવ પડશે નહીં. દા.ત. કોઈએ આપણી સાથે સારી રીતે વાત ના કરી, અપમાનિત કર્યા તો શું દુઃખ નહીં થાય ? આવી પરિસ્થિતિમાં એ વિચારો કે શું હું કમજોર છું ? જેથી બહારના વ્યવહારને મારા ઉપર સવાર થવા દઉં ? જો આપણે આપણો કન્ટ્રોલ બહારની પરિસ્થિતિ પર કરીશું, તો અપસેટ થઈ જઈશું. કારણ કે પડકારો ઘણા છે. જે દિવસ ઋતુ અચાનક બદલાઈ જાય, હાલ ગરમી, અડધા કલાક પછી વરસાદ, એના અડધા કલાક પછી ખૂબ ઠંડી, તો શું આપણે તેની સામે જલદીથી વ્યવસ્થા કરી શકીશું ? જે રીતે ઋતુનો સામનો કરવા એકદમ તૈયાર હોતા નથી

તે રીતે લોકોના ખરાબ વ્યવહારનો સામનો કરવા એકદમ તૈયાર હોતા નથી. એટલા માટે જીવનમાં પડકારો તો આવવાના જ છે, તો તેનું ધ્યાન રાખીએ.

આપણે આ કરવાનું છે, પેલું કરવાનું છે તે વિચારીએ છીએ પણ આપણી ખુશી માટે શું કરવાનું છે તે વિચારતા નથી. અન્ય બાબતો ઉપર ધ્યાન આપવામાં આપણે આપણી ખુશી ભૂલી જઈએ છીએ. જો હું સ્વયં ખુશ રહીશ તો બીજાને ખુશી આપી શકીશ.

જેમણે પોતાની ખુશી પ્રાપ્તિના આધારે બનાવી છે તેઓ પણ ખુશ રહેતા નથી, માત્ર રાહત અનુભવે છે પણ તે કેટલા સમય માટે ? માત્ર થોડા સમય માટે. આવા લોકોના જીવનમાં સુખ સગવડનાં સાધનોની પ્રાપ્તિ વધુ થાય છે. કારણ કે એમના જીવનનો ઉદ્દેશ્ય હોય છે. કંઈક મેળવવું છે. એમણે સ્વયંને પૂછવું જોઈએ કે શું સગવડનાં સાધનોથી ખુશી મળી ? કારણ કે એક ઈચ્છા પૂરી થાય છે ત્યાં બીજી ઈચ્છા આકાર લે છે. આ ચક્ર હમેશાં ચાલ્યા કરે છે પણ ખુશીની મંઝિલ મળતી નથી.

એમની ખુશી પ્રાપ્તિના આધાર પર હોય છે કારણ કે તે સંસ્કાર બની જાય છે. એ વસ્તુઓ મેળવવા માટે તેઓ ગમે તે કરવા તૈયાર હોય છે. બીજું આપણે ભવિષ્યના આધારે ખુશી શોધીએ છીએ. આમ થશે, તો મને ખુશી મળશે. આ તો ઈચ્છા થઈ. હું લોકોના પ્રેમ મેળવવાની ઈચ્છા રાખું છું. તે લાંબો સમય ચાલે તેવી ઈચ્છા રાખું છું. ક્યારેક આપણે કહીએ છીએ કે મારી ઈચ્છા પૂરી થતી નથી. એક ઈચ્છા પૂરી થાય પછી ઈચ્છાઓનું લીસ્ટ લંબાતું જાય છે.

જ્યારે આપણે કહીએ છીએ કે સંકલ્પો આપણા ભાગ્યનું નિર્માણ કરે છે. આજે આપણી સાથે જે થઈ રહ્યું છે તે અતીતના કર્મોનું ફળ છે. તેથી કાર્ય કરતાં આપણે ધ્યાન રાખીએ. જે પળ વીતી ગઈ તે પછીની પળને સારી બનાવવાનો પ્રયત્ન કરીએ. આમ કરવાથી આપનામાં એટલી શક્તિ આવી જશે કે ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરી શકીએ. તો આપણો સમય ભયમાં કે પૂર્વ અનુમાનમાં લગાવ્યો તો આપણે કમજોર બની જઈશું. આમ થવાથી સાધારણ પરિસ્થિતિનો પણ આપણે સામનો કરી શકીશું નહીં.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 11નું અનુસંધાન)... મધુવનમાં ગૂંજી

સદ્ગતિ થઈ નહીં. યુગ, દ્વાપરથી અધર્મનો યુગ કલિયુગમાં બદલાઈ ગયો. ભગવાન આવ્યા હતા સત્યધર્મની સ્થાપના કરવા પરંતુ અધર્મયુક્ત કલિકાળ આવી ગયો. તો ભગવાનનું તો કાર્ય પૂરું થયું નહીં. હવે ભગવાન ફરીથી પ્રજાપિતા બ્રહ્માના શ્રીમુખ દ્વારા પોતાનું સંપૂર્ણ જ્ઞાન આપી રહ્યા છે. તેને જ સત્યગીતા જ્ઞાન કહેવામાં આવે છે. એ જ્ઞાનને સાંભળીને સંસારના કેટલાય લાખ લોકો પતિતમાંથી પાવન બની રહ્યા છે. એમના મનોવિકાર નષ્ટ થઈ રહ્યા છે. એમનાં પાપ દૂર થઈ રહ્યાં છે. અને તેઓ ઈશ્વરીય સુખોનો આનંદ મેળવી રહ્યા છે.

આવો, આપ પણ ભગવાન દ્વારા સન્મુખ જ્ઞાન સાંભળીને અતીન્દ્રિય સુખનો અનુભવ કરો. સન્મુખ બેઠેલા ભગવાનની દૃષ્ટિ મેળવીને ધન્ય થઈ જાઓ અને એના પરમ આનંદના તરંગોમાં સ્વયંને આહ્લાદિત કરો. આ સુખદ ક્ષણ કોઈ ભાગ્યવાન તથા પુણ્યવાન આત્માને જ મળે છે.

॥ ઓમશાંતિ ॥

મધુવનમાં ગૂંજી રહી છે ગીતાના ભગવાનની વાણી

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

યુદ્ધના મેદાનમાં ભગવાન પાસેથી ગીતા જ્ઞાન સાંભળીને અર્જુનને આનંદ થયો હશે કે સ્વયં ભગવાન પાસેથી શાંતચિત્ત સ્થિતિમાં ગીતા જ્ઞાન સાંભળીને પરમ આનંદની પ્રાપ્તિ થઈ હશે. આ તથ્ય વિચારણીય છે. લોકો વાંચી રહ્યા છે કે આ રીતે ગીતાજ્ઞાન યુદ્ધક્ષેત્રમાં આપવામાં આવ્યું, અર્જુનનો મોહ નષ્ટ થયો અને યુદ્ધ કરવા માટે તૈયાર થયો. હવે આપણે જોઈ રહ્યા છીએ કે પુનઃ ગીતા જ્ઞાન દાતા સ્વયં પોતાના મુખેથી ગીતાની વાણી ગુંજિત કરી રહ્યા છે.

એ વિચારણીય છે કે શું ગીતા જ્ઞાનનું પ્રયોજન માત્ર અર્જુનનો મોહ નષ્ટ કરવા માટે જ હતું. ગીતા જ્ઞાનમાં તો કામવિકારને મહાન દુશ્મન બતાવીને એને નષ્ટ કરવાની વાત કહેવામાં આવી છે. ક્રોધ અને લોભને પણ નરકનું દ્વાર માનવામાં આવ્યું છે. ત્યાગ, સન્યાસ, દાન, પુણ્ય, યજ્ઞ, તપની મહાન ચર્ચા છે. તો શું આ બધી અર્જુનની સમસ્યાઓ હતી ? શું એક યોદ્ધાના મોહને દૂર કરવાથી ધર્મની સ્થાપના થઈ જશે.

ભગવાનનું કાર્ય દિવ્ય હોય છે.

મારો જન્મ તથા કર્મ દિવ્ય અલૌકિક છે. ભગવાનનાં આ મહાવાક્ય ચોથા અધ્યાયમાં પણ સંકલિત છે. દિવ્ય અને અલૌકિકનો સહજ અર્થ છે કે એમનો જન્મ મનુષ્યની જેમ ગર્ભથી થતો નથી. અભોક્તા હોવાને લીધે તેઓ બાળપણ, યુવા, વૃદ્ધ આયુષ્ય પણ ભોગવતા નથી. એમનાં કર્મ પણ મનુષ્ય જેવાં હોતાં નથી. શ્રી કૃષ્ણની બાલ લીલાઓ જેવું ચિત્રણ કરવામાં આવ્યું છે એને જોઈને વિદ્વાનોએ વિચાર કરવો જોઈએ કે શું તે કર્મો દિવ્ય હતાં ?

પરમાત્માનું દિવ્યકાર્ય વિશ્વપરિવર્તનનું છે અર્થાત્ વિશ્વને સ્વર્ણિમ (સતયુગી) બનાવવાનું છે. એ માટે એમણે સૌને પાવન બનાવવાનાં છે. પાવન બનાવવું એ કોઈ એક દિવસનું કામ નથી યા કોઈ ઉપદેશથી જ પાવન બનાતું નથી. એના માટે માનવે લાંબી તપસ્યામાંથી પસાર થવું પડે છે. આ યોગ તપસ્યાની ચર્ચા ગીતાના 2, 3, 4, 5 અધ્યાયોમાં વિસ્તારથી કરવામાં આવી છે. આ નિષ્કામ કર્મયોગનો અભ્યાસ કરવાનું પરમાત્મા સ્વયં શીખવાડે છે. પરમાત્મા કહે છે હું જેવો નિષ્કામ છું તેવા તમે પણ બનો.

એક વિચાર

નિઃશંક શ્રીમદ્ ભગવત્ ગીતામાં જ્ઞાનની તથા યોગની ગુહ્યતા અને શ્રેષ્ઠતાનું જે વર્ણન છે તેવું કોઈ બીજા પુસ્તકમાં નથી. સંપૂર્ણ જ્ઞાનનો સાર એમાં સમાયેલો છે.

મહર્ષિ વેદ વ્યાસ એક કવિપણ હતા. એમણે સંવાદ શૈલીમાં આ મહાન જ્ઞાનને રજૂ કરવાનો વિચાર કર્યો હશે કારણ કે આ શૈલી અતિપ્રિય અને સહજ બોધગમ્ય છે.

આપ સ્વયં વિચાર કરો કે લેખકે જ્ઞાનને આગળ ધપાવવા માટે જ અર્જુનના મોહની ઘટના આની સાથે જોડી દીધી છે. વાસ્તવિકતા તો એ છે કે ભગવાને સર્વ મનુષ્ય માત્રને પતિતમાંથી પાવન બનાવવા માટે આ જ્ઞાન આપ્યું હતું. માત્ર એક

મનુષ્યના મોહત્યાગ તથા યુદ્ધથી એનું કાર્ય પૂરું થઈ જતું નથી. અહીં લેખકે એક વ્યક્તિને પાત્ર બનાવીને એનું ચિત્રણ કર્યું છે.

700 શ્લોકોનું વિશાળ જ્ઞાન યુદ્ધના મેદાનમાં અલ્પ સમયમાં આપવું શક્ય નથી. સાથે સાથે કોઈ વ્યક્તિ કેટલીય મહાન અને વિદ્વાન હોય એકી સાથે સંપૂર્ણ જ્ઞાનને ગ્રહણ કરી શકતી નથી.

કેટલાક વિદ્વાનો એમ તર્ક કરે છે કે ભગવાને સમયને રોકી દીધો હતો. તેની કોઈને ખબર પણ ના પડે કે શું ચાલી રહ્યું છે. શું કોઈને એ પ્રશ્નના ઉઠ્યો કે યુદ્ધ કેમ થતું નથી ? આ વાત તર્કસંગત નથી. જો સર્વ શક્તિવાન ભગવાન સૌના મનને પોતાની શક્તિથી બદલી શકે છે તો એમણે અર્જુનને પોતાની બુદ્ધિશક્તિથી જ બદલી દેવો જોઈએ. તે પછી આટલા લાંબા ગીતાજ્ઞાનની શું જરૂર છે ?

એક રહસ્ય

બુદ્ધિમાન લોકો આ વાતનો અવશ્ય સ્વીકાર કરશે કે ભગવાનને પણ પોતાના દિવ્યકર્મ, સૃષ્ટિના વિધાન અનુસાર જ કરવાનાં હોય છે. વિધાનની વિરુદ્ધ તેઓ પણ જતા નથી. 'જેવું કર્મ તેવું ફળ'. આ વિધાન અટલ છે. ભગવાને પણ બીજાઓની સાથે આ વિધાન અનુસાર જ પોતાનું દિવ્યકર્મ કરવાનું હોય છે.

તેઓ સ્વયં કોઈનાં પાપ નષ્ટ કરતા નથી પરંતુ યોગ શીખવાડે છે જેનાથી પાપ નષ્ટ થઈ જાય. તેઓ કોઈને સુખ યા કોઈને દુઃખ આપતા નથી. પરંતુ સુખ-દુઃખનું રહસ્ય બતાવે છે. દુઃખોથી મુક્તિ કેવી થાય, એનું જ્ઞાન આપે છે.

તો પરમાત્મા સમયની ગતિને બાંધતા નથી. સમય તો પોતાની અબાધ ગતિથી ગતિમાન રહે છે. સૂર્ય થોભી જાય છે પરંતુ સમય નહીં. તો આવો આપણે શ્રધ્ધા અને ભ્રાંતિથી મુક્ત થઈ ગીતા જ્ઞાનની ચર્ચા કરીએ જેથી ગીતાનો અવાજ જનજનને સંભળાય.

આજ ગીતા જ્ઞાનનો લોપ થયો છે.

આજે ગીતા પર જો આપણે સર્વે કરીએ તો એક લાખ લોકોમાંથી કેટલા લોકો ગીતાના ઉપદેશ પ્રમાણે આચરણ કરતા હશે ? કદાચ કોઈ પણ નહીં. કેટલાક લોકો બાળકોને ગીતા વાંચવા દેતા નથી. તેઓ એવું સમજે છે કે ગીતા વાંચીને તે સંન્યાસી બની જશે. જો કે ગીતા સંન્યાસનું શાસ્ત્ર નથી. કર્મયોગનું શાસ્ત્ર છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્રેષ્ઠ જ્ઞાનને લોકોએ મહત્ત્વ આપ્યું નથી. આવું કેમ થયું ? આપણે ગીતાનું સત્ય સ્વરૂપ સમાજની સામે રાખી શક્યા નથી. બીજી વાત કોઈનું જીવન પણ ગીતાના ઉપદેશ અનુસાર બન્યું નથી.

જો લોકોને ખબર હોત કે ગીતામાં કર્મ દર્શન છે. સમસ્યાઓનું સમાધાન છે. જીવનનો સાર છે, બુદ્ધિ વિકાસનો માર્ગ છે તો લોકો અવશ્ય જ ગીતા જ્ઞાનની તરફ આકૃષ્ટ થશે.

આજે તો શ્રીમદ્ ભગવદ્ ગીતાનું નામ જ રહી ગયું છે. એનું જ્ઞાન તો મોટે ભાગે લોપ થઈ ગયું છે. જ્યાં ગીતા પ્રવચન હોય છે ત્યાં શ્રોતાઓની સંખ્યા ઘણી ઓછી હોય છે. આજે તો સર્વનાં મુખો ફિલ્મોનાં વિકૃતગીત ગણગણતાં જોવા મળે છે. ગીતાના સંસ્કૃત શ્લોકોનો અવાજ તો મુશ્કેલીથી સાંભળવા મળે છે.

ભાષ્યકારોને

આજે શ્રીમદ્ ભગવદ્ગીતા પર અનેક ટીકાઓ પ્રચલિત છે. કોઈપણ વિદ્વાન ગીતાનું ભાષ્ય લખીને પ્રસિદ્ધિ મેળવવા ઈચ્છે છે. પરંતુ

આપણને એ જ્ઞાન હોય કે ગીતા જેમાં ગુહ્ય રહસ્યો સમાયેલાં હોય તે માત્ર બૌદ્ધિક સ્તર પર લખી શકાય નહીં. દિવ્યબુદ્ધિ તથા સંપૂર્ણ અનુભવોથી સંપન્ન મહાપુરુષો જ ગીતાના શ્લોકોની વ્યાખ્યા બનાવવાના અધિકારી છે. કારણ કે બુદ્ધિ માત્ર તર્ક કરી શકે છે. સત્યના ઊંડાણ સુધી પહોંચી શકતી નથી. ભાષ્યકારને એ પણ જ્ઞાન હોવું જરૂરી છે કે કહેનારે કોઈ વાત કયા સંદર્ભમાં કહી છે, કેવી પરિસ્થિતિઓમાં કહી છે, કોને કહી છે, શું શીખવાડવા ઈચ્છે છે.

ગીતાના ટીકાકાર માત્ર વિદ્વાન જ ન હોય પણ જેનું જીવન સંપૂર્ણ પવિત્રતાની ઊંચાઈ સુધી પહોંચેલું હોય. જેણે યોગનો ગહનતમ અનુભવ પ્રાપ્ત કરેલો હોય. જેને આત્મ અનુભૂતિ હોય અને જે કર્મ કરવા છતાં પણ અનાસક્ત રહેતા હોય.

પ્રત્યેક ભાષ્યકારે ગીતાના શ્લોકોની વ્યાખ્યા પોતપોતાના મત અનુસાર કરી છે. આર્યસમાજીઓએ અદ્વૈત મત અનુસાર તથા અનેક સનાતનીઓના મત અનુસાર કરી છે. આપ સમજી શકો છો કે આ રીતે સર્વશ્રેષ્ઠ જ્ઞાનનું મૂળ શું છુપાઈ નહીં જાય. લોકોએ તર્કવિતર્ક કર્યા પરંતુ કેટલીક મુખ્ય ભૂલોને કારણ આ સત્યજ્ઞાનના તળિયા સુધી માનવ પહોંચી ના શક્યો.

એટલા માટે જ્ઞાનને સંપૂર્ણ રીતથી જાણવા માટે આપણે આપણી માનસિક સ્થિતિને એટલી જ મહાન બનાવવી પડશે. જેટલી એ મહાન વિભૂતિની મનોસ્થિતિ હતી, જેના શ્રીમુખથી આ જ્ઞાનનો પ્રકાશ થયો હતો.

મહાભારતકાળ અને ગીતા જ્ઞાન

આ બંનેથી જ ભારતીય ચિર પરિચિત છે. મહાભારત સીરિયલ જોયા પછી આપ સહજ જ આ નિર્ણય પર પહોંચી શકો છો કે હવે આપણે ફરીથી એ મહાભારતના સમય પર આવી પહોંચ્યા છીએ. આ સૃષ્ટિચક્ર પુનરાવર્તન પામે છે. આ સંપૂર્ણ સત્ય છે. મહાભારતકાળનાં બધાં ચિન્હો આજે દેખાઈ રહ્યાં છે. સૌથી જ્વલંત વાત તો એ છે કે આપણે જે મિસાઈલ્સ બનાવી છે એનાં નામ એજ હતાં. જે મહાભારત યુદ્ધમાં તીરોને આપવામાં આવ્યાં હતાં. દા.ત. નાગ, અગ્નિ, પૃથ્વી, ત્રિશૂલ વગેરે.

સમાજની સ્થિતિ પણ એવી જ છે. ધર્મ અસુરક્ષિત છે. પાપી મનુષ્ય શક્તિશાળી છે. પુણ્ય, ઈમાનદારી, પવિત્રતા, નૈતિકતા, ચરિત્ર અને સત્ય - આ સર્વ પ્રાચીન સભ્યતાની વાતો વાતોમાં જ રહી ગઈ છે. કહેવાનું તાત્પર્ય છે કે આપણે એક વાર ફરીથી મહાભારતકાળમાં આવી પહોંચ્યા છીએ. પરંતુ સર્વશ્રેષ્ઠ સુખદ પાસાને આપણે ભૂલી ના જઈએ. મહાભારતકાળમાં જ ભગવાનનું કાર્ય ધરા પર ચાલે છે અને હવે ફરીથી ચાલી રહ્યું છે.

આપ સર્વનું આવાહ્ન છે.

મહાભારતમાં તો બતાવવામાં આવ્યું છે કે ભગવાનની વાણી માત્ર એક અર્જુનની સામે ચાલી હતી અથવા સંજય અને ધૃતરાષ્ટ્રે પણ સાંભળી. એ આશ્ચર્યની વાત છે કે અર્જુન તો શ્રીકૃષ્ણના પરમમિત્ર હતા જ્યારે પાપી ધૃતરાષ્ટ્રને પણ એ વાણી સાંભળવાનું સૌભાગ્ય મળ્યું. પરંતુ ગીતાની વાણી સાંભળીને પણ એની સદ્‌ગતિ ના થઈ.

ભગવાનના એક જ મિત્ર કેમ ? આવો આપણે સર્વ પણ એના મિત્ર બની એ યા એમને આપણા મિત્ર બનાવી દઈએ. અત્યારે તો સર્વ મનુષ્યોમાં કામ, ક્રોધ, લોભ વગેરે વિકારોનો પ્રકોપ છે. હવે આ મધુવનમાં રોજ ગીતાના ભગવાનની વાણી ગૂંજી રહી છે.

ગીતાને જન્મ જન્મ વાંચતા આવ્યા પરંતુ

(અનુસંધાન પેજ નં. 08 પર)

માતેશ્વરી જગદંબા સરસ્વતીજી

જગદંબા સરસ્વતીનો જન્મ સાધારણ કુટુંબમાં થયો હોવા છતાં પોતાની યોગ્યતાઓના કારણે જ એમણે જગતમાતાનું પદ પ્રાપ્ત કર્યું હતું. ફક્ત અઢાર વર્ષની ઉંમરે જ એમણે આ દૈવી કુટુંબને પોતાના જીવનનું સમર્પણ કર્યું હતું. તેમનો માતૃભાવ એટલો ઉચ્ચ કક્ષાનો હતો કે દૈવી ઉપરાંત એમનો લૌકિક પરિવાર પણ એમને માતાના જેવો આદર આપતો. દરેક જણ માતાની જેમ તેમનામાં વિશ્વાસ મૂકી શકતું અને પોતાના મનની વાત નિર્ભયતાથી તેમની સમક્ષ રજૂ કરી શકતું.

બ્રહ્માબાબા પાસેથી એમણે સરસ્વતીની જેમ સર્વ જ્ઞાન ધારણ કરવાની અદ્દ્ભુત ક્ષમતા દાખવી હતી. જીવનમાં કદીયે એમણે એક ભૂલ બીજી વખત કરી નથી. સતત કાર્યશીલતા એ એમનો સ્વભાવ હતો અને જાણે સતત કાર્યમાંથી જ એ સ્ફૂર્તિ પ્રાપ્ત કરતાં હતાં. વીણા સંગાથે એ પોતાના મધુર અવાજે ગાતાં ત્યારે સાક્ષાત્ વીણાવાદિનીનો જ સાક્ષાત્કાર થતો. પરમાત્માને એમણે સાચી રીતે ઓળખ્યા. સમર્પિત થવામાં એમણે ક્ષણનો પણ વિલંબ નહોતો કર્યો. પોતાના આદર્શ વ્યવહાર અને શુદ્ધ ચારિત્ર્ય વડે જ એ બીજાઓને કેળવણી આપતાં. વિશ્વની સાચી સેવા કેમ થઇ શકે તેના તેઓ જીવંત ઉદાહરણ હતાં.

અમૃતવેલે અઢી વાગે ઊઠવું, પરમાત્મા સાથે ગાઢ સંબંધની અનુભૂતિમાં લવલીન થવું. સ્પષ્ટતાથી દરેક મુદ્દાઓની છણાવટ કરતી ગંગાજળ સમાન નિર્મળ વાણી એ એમના વ્યક્તિત્વની વિશિષ્ટતા હતી. જ્ઞાનમાર્ગે પોતાની સાથે અન્યોને પણ લઈ જવા એમણે જીવનભર સતત પુરુષાર્થ કર્યો.

24 જૂન, 1965ના દિવસે ફક્ત પિસ્તાલીસ વર્ષની ઉંમરે એમણે પોતાના પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો. દૈવી પરિવાર એમને સ્નેહથી ‘મમ્મા’ કહી પુકારતો. બ્રહ્માબાબાના દિનપ્રતિદિનના કાર્યોનાં મુખ્ય સાક્ષી જગદંબા સરસ્વતી પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયનાં પ્રથમ મુખ્ય સંચાલિકા પણ હતાં.

ગુણમૂર્ત જગદંબા સરસ્વતીજીની અમૃતવાણી

(1) માઈનસ અને પ્લસ કઈ રીતે કરવા - આપણે ત્યાં માઈનસ પ્લસ (-+)નું શિક્ષણ એ જ છે કે શ્રેષ્ઠ કર્મ કઇ રીતે થાય. જ્યારે પાછલાં વિકર્મોનો બોજ ન હોય ત્યારે જ શ્રેષ્ઠ કર્મ બની શકે છે. તે માટે સૌ પ્રથમ પોતાના વિકર્મોને ભસ્મ કરવાની શક્તિ જોઈએ. પહેલાં બાદબાકી કરીને પછીથી વત્તા કરવાના છે. શ્રેષ્ઠ કર્મોનો સરવાળો કરવાનો છે અને પાછલાં વિકર્મોની બાદબાકી કરવા યોગ જોઈએ. અને વત્તા કરવા માટે જ્ઞાન જોઈએ. આ જ્ઞાનના આજ બે વિષયો છે. જેનાથી બાદબાકી તથા વત્તાકાર કરવાનું બળ મળશે.

(૨) કર્મબંધનને કાપવાની યુક્તિ કઈ છે? - પહેલાં તો બુદ્ધિમાં એ ધારણા રહે કે હું શુદ્ધ આત્મા છું. આપણે પોતાના જૂના સંસ્કારોને છોડવાના જ છે. અર્થાત આપણે આપણા અપવિત્ર સંસ્કારોને સ્પર્શવાના પણ નથી. આ યુક્તિથી

કર્મબંધન ચુક્તે થઈ જશે.

(૩) મનસાને કન્ટ્રોલ કરવાની યુક્તિ કઈ છે ? - આ સમયે આપણા સંકલ્પ વ્યર્થ ન જવા જોઈએ. તેના ઉપર ધ્યાન રાખવાનું છે. તે માટે પોતાની બુદ્ધિ પરમાત્મા સાથે જોડી દઈએ. મનસામાં ફાલતુ સંકલ્પ ચાલવાથી આપણને નુકસાન થાય છે. હવે આપણને વ્યર્થ સંકલ્પ આવે ત્યારે બ્રેક મારવાની શક્તિ આવડવી જોઈએ. જેમ ડ્રાઈવર મોટરને બ્રેક મારવાનું, વાળવાનું તથા તેને લગતી દરેક બાબતોનું જ્ઞાન ધરાવે છે. તેથી અકસ્માતથી બચી શકે છે. તે રીતે આપણે પણ મનસાને બ્રેક મારવાની, સંકલ્પોને વાળવાની અર્થાત વ્યર્થને શુદ્ધ સંકલ્પ, સમર્થ સંકલ્પમાં પરિવર્તિત કરવાની યુક્તિ શીખી લઈએ તો આપણા મન, વચન, કર્મ શુદ્ધ બની જશે અને ખુશી પણ રહેશે.

(૪) બાપને ફોલો કઈ રીતે કરવાના છે ? - પરમાત્મા બાપના દરેક ફરમાનને વીસ નખોનું જોર આપીને અર્થાત સર્વશક્તિઓ કામે લગાડીને ફોલો કરવાનાં છે. બાપ બેટાનો સંબંધ પણ કર્મથી ચાલે છે. માત્ર ગોદનું બાળક બનવાનું નથી પણ શ્રેષ્ઠ કર્મોથી એમની સાથે સંબંધ જોડવાનો છે. પરમાત્મા પિતાનો સંપૂર્ણ વારસો મેળવવા માટે બાપને પૂરા ફોલો કરવાના છે. તે માટે પરમાત્માનાં જે પણ ફરમાન છે તેને પોતાની બુદ્ધિમાં રાખીને પ્રેક્ટીકલ જીવનમાં તેને દૃશ્યમાન કરવાનાં છે. અને ફોલો કરવાનું છે.

(૫) પ્રેક્ટિકલ જીવનનું સ્વરૂપ શું છે ? - કોઈ પણ કાર્ય વ્યવહાર કરતી વખતે આત્મિક સ્થિતિમાં રહીને વ્યવહાર કરવાનો છે. સાક્ષી બનીને પાર્ટ નિભાવવાનો છે. ગૃહસ્થ વ્યવહારમાં રહેતાં બાળકોને સાચી વાત શીખવાડવા માટે તેમને ધમકાવવા પણ પડે. મૂડ ગંભીર પણ બનાવવો પડે જેથી બાળકો સમજે કે અમને ધમકાવી રહ્યાં છે. બહારથી ગંભીર રહીને અંદરથી હર્ષિત રહેવાનું છે. એવું સમજવું કે હું જાણી સમજીને ક્રોધનો પાર્ટ બજાવી રહ્યો છું. આ રીતે આત્મિક સ્થિતિમાં રહીને પાર્ટ બજાવવો તે જ પ્રેક્ટિકલ જીવન છે.

(૬) તીવ્ર પુરુષાર્થ કોને કહેવાય ? અત્યારે આપણે નવી દુનિયા બનાવવા માટે નિમિત્ત છીએ. અત્યારે આપણે જે કંઈ કરવાનું છે. તે નવી દુનિયા માટે કરવાનું છે. જેમ બાબા નવી દુનિયાની સ્થાપના તથા જૂની દુનિયાનો વિનાશ કરાવી રહ્યા છે. તો આપણે પણ જીવવા છતાં પહેલેથી જ બુદ્ધિમાં આ જૂની દુનિયાનો વિનાશ કરવાનો છે. અર્થાત તેને ભૂલવાની છે. બુદ્ધિમાં એમ લાગે કે આ દુનિયા ઓક્સિજન ઉપર છે. શબ સાથે પ્રીત કરવાની નથી. પોતાની અવસ્થાનો ચાર્ટ જોતાં રહો કે જૂની દુનિયાથી આસક્તિ તૂટી છે. જો આસક્તિ તૂટી છે, તો એમ સમજો કે આપણે નવી દુનિયાને અનૂરૂપ બની રહ્યા છીએ. આવો પુરુષાર્થ કરવો તે જ તીવ્ર પુરુષાર્થ છે.

(૭) બાપ પારલૌકિક અને લૌકિક બાપ કઈ રીતે છે ? જેવી રીતે બાપ અને બેટાનો પ્રેક્ટિકલ સંબંધ છે. તે રીતે પારલૌકિક બાપ, પારલૌકિક પણ છે. તો લૌકિક પણ છે. કારણ કે અત્યારે તો પરલોકથી આ લોકમાં આવ્યા છે. અત્યારે આ લોકમાં ઉપસ્થિત છે તો બાપ સાથેનો સર્વ સંબંધ મન, વાણી, કર્મથી પ્રેક્ટિકલ રીતે નિભાવવાનો છે.

(૮) જીવ આત્મા પોતાનો જ શત્રુ અને પોતાનો જ મિત્ર છે. જે જેવું કરશે તેવું પામશે. - ઉપરની વાતની કોઈ ધારણા કરી લે તો બેડો પાર થઈ જાય. પોતાના જ કર્મોનો હિસાબ-કિતાબ છે.

(અનુસંધાન પેજ નં. 23 પર)

તેજસ્વિની, સહનશીલ અને કારુણ્યમૂર્તિ માતેશ્વરી જગદંબા સરસ્વતીજી

બ્ર.કુ. કૌશિક એન ભટ્ટ, નડિયાદ

આદર્શ નારીને સુંદરતાની મૂર્તિ અને પૂજનીયા નારાયણીને ઉચ્ચ સ્થાને બેસાડી, અર્વાચીન સાહિત્યકારોએ તેનું નતમસ્તકે પૂજન કર્યું. ચિત્રકારોએ તેને ચિત્રમાં ઉતારી, અર્વાચીન સાહિત્યકારોની કલમ અને વાણી તેમની મહત્તાની ગાથા ગાતાં થાકી નથી.

સરસ્વતીચંદ્રની સ્નેહમૂર્તિ કુસુમ, દર્શકની સાધ્વી રોહિણી, આત્મપ્રેમને ઓળખી પુરુષને સન્માગ્રે દોરતી ન્હાનાલાલની જયા, શરદબાબુની વિજ્યા, પન્નાલાલની રાજયણ અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની પ્રથમ મુખ્ય સંચાલિકા તેજસ્વિની, સહનશીલ અને કારુણ્યમૂર્તિ માતેશ્વરી જગદંબા સરસ્વતીજી આ બધાં સ્ત્રીપાત્રો ખરેજ લૌકિક સૃષ્ટિમાં પણ અલૌકિક બની રહ્યાં છે.

'મા' શબ્દ કેટલો મધુર છે. 'મા' શબ્દ બોલતાં જાણે હૈયું અને મુખ પ્રફુલ્લિત થઈ જાય છે. 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ'. એવી અજોડ જનનીનું રેખા ચિત્ર આપવું એ તો બહુ મુશ્કેલભર્યું છે. આર્યનારીનું જીવન એટલે વાત્સલ્ય, સેવા, ત્યાગ અને બલિદાનનું મહાકાવ્ય.

ખરેખર, પ્રેમની સાક્ષાત પ્રતિમા મા જગદંબા સરસ્વતીનું રેખાચિત્ર શબ્દો વડે રજૂ કરું છું. તેનાથી તમારી સમક્ષ તે સૂક્ષ્મ રૂપે રજૂ થશે. રંગે ઉજળાં દૂધ જેવાં, આંખો તેજસ્વી, કપાળ ચમકીલું, હંમેશા પ્રફુલ્લિત અને સ્ફૂર્તિમય દેખાય જાણે પવિત્રતાનું ગુલાબ જ સમજો.

મમતાની પ્રતીતિ કરાવતા જગદંબા સરસ્વતીનો જન્મ સાધારણ કુટુંબમાં થયો હોવા છતાં પોતાની દૈવી યોગ્યતાઓના કારણોસર એમણે જગતમાતાનું પદ પ્રાપ્ત કર્યું હતું. ફક્ત 18 વર્ષની નાની વયે જ બ્રહ્માકુમારી વિદ્યાલયના દૈવી પરિવારને પોતાના જીવનનું સમર્પણ કર્યું હતું. તેમનો માતૃભાવ એટલો ઉચ્ચ કક્ષાનો હતો કે દૈવી અલૌકિક ઉપરાંત લૌકિક પરિવાર પણ એમને માતાના જેવો આદર આપતા. એમનું સ્નેહાળ હાસ્ય, મમતાળુ સ્વભાવ અને માયાળુ વર્તન શ્રેષ્ઠ જીવન માટેની કઠોર સાધનામાં પણ બધાના જીવનમાં અમૃતછાંટણાં કરતું. દરેક વ્યક્તિ માની જેમ તેમનામાં વિશ્વાસ મૂકી પોતાના મનની મૂંઝવણો નિર્ભયતાથી તેમની સમક્ષ રજૂ કરી શકતી નથી.

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સંસ્થાપક પ્રજાપિતા બ્રહ્માબાપ પાસેથી એમણે સરસ્વતીની જેમ સર્વ જ્ઞાન ધારણ કરવાની અદ્ભુત ક્ષમતા દાખવી હતી. જીવનમાં કદીયે એમણે એક ભૂલ બીજી વખત કરી નથી. વીણા સંગાથે એ પોતાના મધુર અવાજે ગાતાં ત્યારે સાક્ષાત વીણાદેવીનો જ સાક્ષાત્કાર થતો.

'મા'નું જીવન ખૂબ જ સાદું. સાદું ખાવું, સાદું પીવું, સાદું પહેરવું, સાદું રહેવું અને સાદું જીવવું એ જ એનું જીવનસૂત્ર. પવિત્રતાના પ્રખર હિમાયતી.

'મા'એ દિવ્ય ધારણાઓને કારણે પ્રભુપિતાને સાચી રીતે ઓળખ્યા. પરમાત્માને સમર્પિત થવામાં એમણે ક્ષણનો પણ વિલંબ નહોતો કર્યો.

જગદંબા સરસ્વતી જીવન વ્યવહારની કેળવણીને વધુ મહત્ત્વ આપતા. આદર્શ વ્યવહાર અને શુદ્ધ ચારિત્ર્ય વડે જ એ બીજાઓને કેળવણી આપતાં. વિશ્વ કલ્યાણ માટેની સાચી સેવા કેમ થઈ શકે તેના તેઓ જીવંત ઉદાહરણ હતાં.

'મા' સરસ્વતી અમૃતવેલે અઢી વાગે ઉઠતા. પ્રભુ સાથે ગાઢ સંબંધની અનુભૂતિમાં લવલીન થવાનો તો તેમનો નિત્યક્રમ બની ગયો હતો. સ્પષ્ટતાથી દરેક મુદ્દાઓની છણાવટ કરતી ગંગાજળ સમાન નિર્મળ વાણી એ એમના વ્યક્તિત્વની વિશિષ્ટતા હતી. પ્રભુ પરાયણ જીવન જીવવા માટે જ્ઞાનમાર્ગે પોતાની સાથે અન્યોને પણ લઈ જવા જીવનભર સતત તેઓ પ્રયત્નશીલ રહ્યા હતાં.

સ્નેહ, મમતા, ઉત્સાહ, કર્તવ્ય પરાયણતા અને સદ્ભાવનાની પવિત્ર મંગલમૂર્તિ મા જગદંબા સરસ્વતીજીએ તા. 24 જૂન 1965ના દિવસે ફક્ત 45 વર્ષની નાની ઉંમરે જ અવ્યક્ત સ્થિતિ પ્રાપ્ત કરી પોતના પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો.

બ્રહ્માકુમારી વિદ્યાલયનો દેવી પરિવાર માની પાલના આપનાર સરસ્વતીને સ્નેહથી 'મમ્મા' કહી બોલાવતા. પરમાત્મા શિવના વિશ્વ પરિવર્તનના કલ્યાણકારી આદેશોના અને બ્રહ્માબાબાના દિનપ્રતિદિનના કાર્યોના મુખ્ય સાક્ષી જગદંબા સરસ્વતીજી પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના પ્રથમ મુખ્ય સંચાલિકા જ નહિ પરંતુ વિદ્યાલયની ઉજ્જવળ કારકિર્દીના આધારસ્તંભ પણ હતા. ચોવીસ જૂને તેમની પુણ્યતિથિને નતમસ્તકે પ્રણામ કરી તેમને અંતઃકરણની ભાવાંજલિ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 16નું અનુસંધાન)... ભેદભાવ

નિર્ણયો લેવાનું જેમના હાથમાં છે તેમણે ભેદભાવને મિટાવવાની કુશળતા કેળવવી જોઈએ. ભિન્નતા ભલે હો પણ ભેદભાવ નહીં. ઈશ્વરે 'મા'ની રચના કરી આપણા સૌને તેની પાસેથી આ વાત શિખવાની સગવડ કરી આપી છે. બેટા, તું તો મોટો છે, હવે પછી તારો વારો, તું તો ડાહ્યો છે. જેવા લાગણીસભર શબ્દો દ્વારા બે બાળકોના ભેદને કેટલી સરળતાથી મિટાવી દે છે !

યુવા બાળકો કે વૃદ્ધોને સમજવું અઘરું છે પણ અસંભવ તો નથી જ. સમાચાર પત્રોમાં આવતી રોજબરોજની સમસ્યાઓના મૂળમાં ક્યાંક આ કારણ પણ છૂપાયેલું દેખાય છે. ક્ષેત્ર ચાહે શિક્ષણનું હોય, રમત-ગમતનું હોય, રોજગારનું હોય કે સામાજિક, આધ્યાત્મિક કે અન્ય સંસ્થાઓ સાથે જોડાયેલી વ્યક્તિઓનું હોય ભેદભાવ એ દૂષણ છે જે વિકાસને રુંધે છે.

સ્પીડ અને સ્પર્ધાના વર્તમાન સમયમાં માણસ દોડી રહ્યો છે. જેમાં અચાનક આવી જતા ભેદભાવ, અસમાનતાના અવરોધો અકસ્માતો ન સર્જે તો જ નવાઈ ! સાવધાની રાખવાની જરૂર છે.

શિવબાબા માટે જ કહે છે બાળકો,

- રેસ કરો રીસ નહીં.
- આગે ચલના હૈ, સબકો સાથ લેકર ચલના હૈ.
- કમજોરીઓકો નહીં વિશેષતાઓં કો દેખના હૈ.
- કિસી કે ભી લગાવ, દબાવ, ઝુકાવ ઔર પ્રભાવમેં આકર નિર્ણય નહીં લેના હૈ.
- મતભેદ હો સકતા હૈ પરંતુ મનભેદ નહીં.
- સદા સર્વ પ્રતિ સદ્ભાવ, સમભાવ, શુભભાવ રખે.

॥ ઓમશાંતિ ॥

ભેદભાવ

બ્ર.કુ. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

વિશ્વની અનેક સમસ્યાઓમાંનું એક કારણ અસમાનતા અને માનવીના મનની ભેદભાવભરી વૃત્તિ છે. આ ભેદભાવ વ્યક્તિ, પરિવાર - સમાજ - દેશથી માંડી વિશ્વ સુધી પ્રસરે છે. જે માનવીના માનસ પર માઠી અસર પહોંચાડે છે. આ ભેદભાવ ક્યારેક પ્રત્યક્ષ હોય છે તો ક્યારેક પરોક્ષ હોય છે. ક્યારેક સ્થૂલ તો ક્યારેક સૂક્ષ્મ રૂપે જોવામાં આવે છે. જેના બીજ મહદ્અંશે બાળપણમાં પડતા હોય છે અને તેના પડઘા સમગ્ર જીવનમાં દેખાય છે. જીવનની મુખ્ય ત્રણ અવસ્થા બાળપણ, યુવા અને વૃદ્ધાવસ્થા છે. પરંતુ યુવાવસ્થાની શરૂઆત કે વૃદ્ધાવસ્થાની શરૂઆત એ પણ એ સમયનું એક પ્રકારનું બાળપણ છે. એ રીતે દરેક બાળપણને સમજવું અને સાચવવું જરૂરી હોય છે. માટે જ એક યુવાએ કે એક વૃદ્ધ માણસે જીવનમાં કેવી રીતે વર્તવું તેની સમજ, શિક્ષણ કેળવણી વિદ્વાનો દ્વારા અપાય છે. આ શિક્ષણ અને કેળવણી વ્યક્તિ લેવાનું ચૂકી જાય ત્યારે વિવિધ ક્ષેત્રોમાં સમસ્યા ઉદ્ભવે છે.

વિશેષ આજના લેખનના વિષય માટે જે વિચાર ઉદ્ભવ્યો છે તેની વાત કહું તો જીવન દરમિયાન કોઈ ને કોઈ કાર્ય કે પ્રસંગ માટે આપણે કેટલાંક બીજ વવાઈ ન જાય તેનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી બને છે. શાણા માણસો બુદ્ધિ વાપરીને આ પરિસ્થિતિનો ઉકેલ લાવવામાં સફળ થાય છે. તો કેટલાંક માણસો ચતુરાઈ વાપરવા જતાં નિષ્ફળ પણ જાય છે. જેને એક સુંદર ઉદાહરણ દ્વારા સમજીશુ. ખાસ કરીને સ્પર્ધામાં ક્યારેક એવું બને છે કે એકથી ત્રણ નંબર કોને આપવા. ગુણાંકનમાં બહુ પાતળો તફાવત હોય છે. ત્યારે આશ્વાસન ઈનામની જાહેરાત કરી 'runners up'ની ઘોષણા કરી ભેદભાવને મિટાવવામાં આવે છે. પણ આજ વાતમાં ક્યારેક ચતુરાઈ વાપરી કેટલાંક શરતો ઉમેરી એક ને બીજાથી આગળ કે પાછળ કરવામાં આવે છે. મોટાભાગે આમાં કોઈને ખુશ કરવા કરતાં અન્યને નારાજ કરવાનો અભિગમ વધુ હોય છે. લાયકાતના ધોરણો ક્યારેક વ્યક્તિમાં નિરાશા ઉપજાવે છે જેમ કે..

1. 25 વર્ષનો અનુભવ પરંતુ ઉંમર 50 થી વધુ કે ઓછી.
2. પદ માટેની લાયકાત ઉંમર 45 થી ઉપર હોવી જોઈએ.
3. વ્યક્તિ અપરણિત હોવો જરૂરી છે. આમાં ક્યાંક ક્ષમતા અને યોગ્યતાવાળી વ્યક્તિ અન્યાય અનુભવે છે.

જીવનમાં સમય પ્રતિસમય આવતી આવી અનેક પરીક્ષાઓ કે પરિસ્થિતિમાં અગાઉ સમજાવ્યું તેવા કોઈપણ બાળપણમાં (યુવા કે વૃદ્ધાવસ્થાના પ્રારંભમાં) વ્યક્તિના મનમાં અપમાન, તિરસ્કાર, નફરતનાં બીજ રોપાય છે. જે આગળ જતાં બદલાની આગમાં પરિણમે છે. વ્યક્તિ આક્રમક બની કોઈપણ રીતે બદલો લેવા પ્રેરાય છે. એમ કરીને પોતાનું સન્માન જાળવવાની કોશિશ કરે છે. બાળ કેળવણીના વિષયે હમણાં મારા હાથમાં એક પુસ્તક આવ્યું. જેમાં શિક્ષક, વિદ્યાર્થી અને વાલીના સંદર્ભમાં ખૂબ સુંદર વાત જાણવા મળી. જેમાં દાનવીર કર્ણના પાત્રની વ્યાસમુનિએ મહાભારતમાં કરેલી રચનાનું ઉદાહરણ આપી ઉપરોક્ત વાતની ચર્ચા કરી છે.

(અનુસંધાન પેજ નં. 15 પર)

ગીતા ઉપર નવું સંશોધન

બ્ર.કુ. ઈશ્વરભાઈ , ઊંઝા

ગીતા જ્ઞાન કયા યુદ્ધ માટે આપેલ - કૌરવો સાથેના કે કામ-ક્રોધ જીતવા માટે

ગીતામાં પ્રથમ અધ્યાય અને બીજા અધ્યાયની શરૂઆતના 10 શ્લોકમાં જ કૌરવો સાથેના યુદ્ધની વાત છે. પછીના બધા જ અધ્યાયમાં જે યુદ્ધની વાત છે તે આપણી અંદર રહેલા 5 વિકાર કામ, ક્રોધ વગેરે ઉપર વિજય મેળવવાની જ વાત છે. અ. 3 - શ્લો. 41, 43માં સ્પષ્ટ કહ્યું છે કામ, ક્રોધ જ તારા શત્રુ છે તેના ઉપર તું વિજય મેળવ. કામ મહાવેરી છે.

વિકારો જીતવા યોગ જરૂરી

કામ, ક્રોધ આદિ વિકારો ઉપર વિજય મેળવવા યોગ શીખવો જરૂરી હોવાથી અ. 8 - શ્લો. 13માં તથા અધ્યાય 6માં યોગની વિધિ શીખવી છે.

યોગ માટે આત્મા અને પરમાત્માનો પરિચય જરૂરી

યોગ શીખવાનું પ્રથમ પગથિયું સ્વયંનો પરિચય અર્થાત્ આત્માનું જ્ઞાન. જે અ. 2 - શ્લો. 20 થી 28માં વિસ્તારથી જણાવેલ છે. યોગ અર્થાત આત્માનું પરમાત્મા સાથે જોડાણ. તે માટે પરમાત્માનો સત્ય પરિચય હોવો જરૂરી છે. અત્યારે સર્વત્ર આત્મા સો પરમાત્માનો વાદ ફેલાયેલ છે. સંન્યાસીઓ અને બધા જ મઠ, પંથ, સંપ્રદાયમાં આ વાદ પ્રચલિત છે. તેથી આત્મા એ જ પરમાત્મા નથી તે ચોખવટ અ. 15 - શ્લો. 16માં આપેલ છે. તેમાં સ્પષ્ટ કહ્યું છે કે 'અવિનાશી આત્માઓ કરતાં પરમાત્મા અલગ છે.'

સ્વયંનો પરિચય આપતાં પરમાત્મા કહે છે 'હું અજન્મા, અનાદિ છું.' અ. 11 - શ્લો. 1 થી 8. વધુમાં અ. 13 - શ્લો. 13 થી 16માં લખ્યું છે કે તેઓ સર્વ જગતના જાણકાર હોવા છતાં ઈન્દ્રિયો વિનાના છે તેથી સૃષ્ટિની સ્થાપના, પાલના અને વિનાશ માટે બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની રચના કરે છે.

ગીતાના અસલ જ્ઞાનદાતા કોણ ?

ગીતામાં અ. 4 - શ્લો. 1-2માં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે 'આ જ્ઞાન તારા અને મારા જન્મ પહેલાં પણ હતું.' તો પ્રશ્ન થાય છે કે આ જ્ઞાન અસલમાં કોણે આપેલું. જો માની લઈએ કે શ્રી કૃષ્ણે રણમેદાનમાં અર્જુનને આપ્યું તો નીચેના પ્રશ્નોના જવાબ મળતા નથી. પરંતુ સાધારણ બ્રહ્માના શરીરમાં દિવ્ય પરકાયા પ્રવેશ કરી નિરાકાર શિવે આપ્યું તેવું માની લઈએ તો કોઈ પ્રશ્ન રહેતો નથી. નિરાકાર શિવ અર્થાત જેની યાદગાર જ્યોતિર્લિંગ શિવલિંગ છે તે. દેહધારી શંકર નહીં. શંકર પણ શિવલિંગનું ધ્યાન ધરે છે.

(૧) અ. 8 - શ્લો. 21માં ભગવાન કહે છે 'પરમધામ મારું ધામ છે જ્યાં સૂર્ય-ચંદ્રનો પ્રકાશ પહોંચતો નથી. શ્રી કૃષ્ણ તો વૈકુંઠ નિવાસી છે જ્યારે શિવ પરમધામ નિવાસી છે.

(૨) અ. 11 - શ્લો. 8માં ભગવાન કહે છે 'તું મને જોઈ નહિ શકે તને હું દિવ્ય ચક્ષુ આપું છું.' શ્રી કૃષ્ણ તો દ્રશ્યમાન છે જ્યારે નિરાકાર શિવ અદ્રશ્ય છે. તેઓ આત્માઓના પિતા આત્મા સમાન જ્યોતિબિન્દુ છે.

(૩) અ. 9 - શ્લો. 11માં ભગવાન કહે છે 'સાધારણ તનમાં અવતરિત મારી સૌ અવજ્ઞા કરે

છે.' શ્રી કૃષ્ણની અવજ્ઞા કોઈ ન કરે પરંતુ આપણા જેવા દાઢી-મુંછવાળા બ્રહ્માના શરીરમાં અવતરીત શિવની અવજ્ઞા જરૂર થાય.

(૪) અ. 13 - શ્લો. 13 થી 16માં લખ્યું છે પરમાત્મા સર્વ જગતના સંસારના જાણકાર હોવા છતાં ઈન્દ્રયો વિનાના છે તેથી સ્થાપના, પાલના, વિનાશ માટે બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની રચના કરે છે. શ્રી કૃષ્ણ ઈન્દ્રિયો વિનાના નથી જ્યારે જ્યોતિબિંદુ શિવ ઈન્દ્રિયો વિનાના છે. બહ્મા, વિષ્ણુ, શંકરની રચના કરનાર પણ શિવ જ છે. તેથી તેમની યાદગાર શિવલિંગ ઉપર બીલીપત્ર ચઢાવાય છે. તેમને અંગ્રેજીમાં GOD કહેવામાં આવે છે. G for Generate - સ્થાપના, O for Operate - પાલના, અને D for Distruct - વિનાશ. કૃષ્ણને GOD નહીં LORD Krishna કહે છે.

(૫) અ. 4 - શ્લો. 7-8માં ભગવાન કહે છે, 'અધર્મોનો નાશ કરી ધર્મની સ્થાપના કરવા હું અવતરું છું.' શ્રી કૃષ્ણના મૃત્યુ બાદ તો કળીયુગ આવ્યો ધર્મની સ્થાપના તો થઈ જ નહિ. પૃથ્વી ઉપર અધર્મ વધી જવાથી પાંડવો હિમાલય ઉપર જઈ ગળી મર્યા જ્યારે શિવ કલિયુગનાં અંતે બ્રહ્માતનમાં આવી સત્ય ગીતા જ્ઞાન આપી કલિયુગનો વિનાશ કરી સતયુગ સ્થાપે છે.

(૬) અ. 4 - શ્લો. 1-2માં શ્રી કૃષ્ણ કહે છે 'આ જ્ઞાન તારા અને મારા જન્મ પહેલાં પણ હતું.' આનો અર્થ એ જ થાય છે કે ગીતાના મૂળભૂત જ્ઞાનદાતા કૃષ્ણ નથી. ઓરીજીનલ ગીતા જ્ઞાન આપનાર બીજું કોઈ છે.

(૭) અ. 7 - શ્લો. 25 તથા અ. 10 - શ્લો. 3માં ભગવાન કહે છે. 'હું અજન્મા, અવ્યક્ત ચર્મચક્ષુથી અપ્રત્યક્ષ છું.' શ્રી કૃષ્ણે તો માતાના કૂખેથી જન્મ લીધો, દેવકી અને વાસુદેવના પુત્ર હતા અને પારધીના તીરથી મૃત્યુ પામેલા. જ્યારે નિરાકાર શિવ અજન્મા, અવ્યક્ત અને ચર્મચક્ષુથી અપ્રત્યક્ષ છે.

(૮) અ. ૭ - શ્લો. 24માં ભગવાન કહે છે 'અજ્ઞાનીઓ મને અવ્યક્ત મન-ઈન્દ્રિયોથી પર એવા પરમાત્માને સાધારણ મનુષ્ય સમજે છે.' શ્રી કૃષ્ણને કોઈ સાધારણ મનુષ્ય નહિ સમજે. આપણા જેવા સાધારણ દાઢી-મૂછ વાળા બ્રહ્માતનમાં અવતરેલ પરમાત્માને જ સાધારણ મનુષ્ય સમજી અવજ્ઞા કરે છે.

ગીતાના અસલ (મૂળભૂત) જ્ઞાનદાતા નિરાકાર શિવની પૂજા ફક્ત ભારતમાં જ નહિ. પરંતુ વિશ્વભરમાં થાય છે. ફક્ત હિન્દુ જ નહિ પરંતુ બાકીના બધા ધર્મોમાં પણ તેમની પૂજા વિવિધ સ્વરૂપે થાય છે. જેમ કે મુસ્લીમો મક્કામાં ગોળ પથ્થર (સંગ એ અસવદ) સ્વરૂપે (GOD is Light).

ભારતમાં રામેશ્વર (રામના પણ ઈશ્વર) ગોપેશ્વર (શ્રી કૃષ્ણના ઈશ્વર) અમરનાથ, વિશ્વનાથ વગેરે સેંકડો વિવિધ નામથી પુજાય છે.

ગીતા ઉપર શિવને બદલે શ્રી કૃષ્ણનું નામ કેમ આવ્યું ?

ગીતાના અસલ જ્ઞાનદાતાનો પરિચય ગીતામાંથી જ મળી રહે છે તો પછી શાસ્ત્રકારોએ પરમાત્માનું અસલ નામ છુપાવ્યું કેમ ? નિરાકાર શિવ ઉવાચ એવા શબ્દો ગીતામાં કેમ જોવા મળતા નથી ? આનું સંભવિત એક જ કારણ હોઈ શકે છે. શિવ અને શંકરને એક કરી દીધેલ હોવાથી શિવનું નામ પ્રગટ કરવામાં આવે તો પણ બધા શંકરને જ ગીતાના ભગવાન માની લે જે દેહધારી છે. તેથી કોકડુ વધુ ગુંચવાય કારણ કે ગીતામાં સર્વત્ર નિરાકારને જ ભગવાન કહ્યા છે. જ્યારે શંકર તો

દેહધારી છે. તેથી અસલ ગીતાના જે અવશેષો પ્રાપ્ત થયા તેને શ્રી કૃષ્ણ - અર્જુન સંવાદ રૂપે ગોઠવી ગીતા બનાવી પછી તેને મહાભારત સાથે જોડવા અર્જુનને વિષાદ થયો તેવું બહાનું આગળ ધરી દીધું. બાકી ગીતા જ્ઞાન વિષાદ મુક્ત કરી યુદ્ધ કરવા પ્રેરે તેવું છે જ નહીં. ઉલટું મનુષ્યને યોગી બનાવી કામ ક્રોધથી મુક્ત કરાવનાર છે. કામ, ક્રોધથી મુક્ત થયેલો અર્જુન શું તેના સગાવહાલા સૌનો સંહાર કરશે ? કદાપિ નહીં.

ઈતિહાસકારો ગીતા વિષે શું કહે છે.

ગીતા ઉપર 108 થી વધુ પુસ્તકો લખાયેલ છે. જેમાં પરસ્પર ઘણો વિરોધાભાસ છે. જેમ કે શંકરાચાર્યે અદ્વૈતવાદ અર્થાત આત્મા સો પરમાત્માનો વાદ સાબિત કર્યો છે. જ્યારે માધવાચાર્યે દ્વૈતવાદ અર્થાત્ આત્માથી પરમાત્મા અલગ છે તેવો વિરુદ્ધ વાદ સાબિત કરેલ છે. આવું બનવાનું કારણ સમજીએ.

કલ્પ પહેલાં નિરાકાર શિવે આપેલ ગીતા જ્ઞાનના અવશેષો ઉપરથી મૂળ ગીતા બનેલી જેમાં ફેરફાર થતા ગયા અને છેલ્લે શ્રીકૃષ્ણ - અર્જુન સંવાદવાળી ગીતા બની. જે આપણી સમક્ષ છે. તેની અંદર જ્ઞાન છે નિરાકારનું અને ઉપર નામ છે દેહધારી શ્રી કૃષ્ણનું. આથી બંનેનો તાલ બેસાડવા સૌ વિદ્વાનોએ પ્રયત્નો કરી 108 થી વધુ પુસ્તકો લખી નાખ્યા.

ગીતાની સૌ પ્રથમ રચના થયા પછી ક્યારે કેવા ફેરફાર થયા તે વિષે ઈતિહાસકારો શું કહે છે તે જોઈએ.

રાધાકૃષ્ણન ગીતા પેજ 17માં અને Religions of India (1609)ના પેજ 396માં ઈતિહાસકાર હોપકિંસે લખ્યું છે કે મૂળ ગીતા નિહિસંપ્રદાય રચના હતી પછી તેમાંથી વિષ્ણુગાથા કરતી કવિતા રૂપે બનાવી અને તે બાદ ઈ.સ. 100 આસપાસ કૃષ્ણ-અર્જુન સંવાદ વાળી ગીતા બની.

Relions of India (1620) પેજ 12-14 ઉપર ઈતિહાસકાર ફર્કુહારે લખેલું છે કે ગીતા પહેલાં ઉપનિષદના રૂપમાં હતી. બાદમાં કૃષ્ણવાદીઓએ વર્તમાન સ્વરૂપ આપ્યું. તેમાં બીજા ઈતિહાસકાર ગર્વે લખે છે કે ગીતા પહેલાં સાંખ્યયોગ સંબંધી ગ્રંથ હતો જે ઈસ પૂર્વે 200 આસપાસ લખાયેલ પછી ઈ.સ. 100 આસપાસ વેદાન્તના અનુયાયી દ્વારા વર્તમાન સ્વરૂપે લખવામાં આવી.

હવે સત્ય ગીતા જ્ઞાન સાપ્તાહિક કોર્સ દ્વારા

ગીતામાં આપેલ વચન અનુસાર यदा यदा हि धर्मस्य પરમાત્મા નિરાકાર શિવ બ્રહ્માતનમાં પરકાયા પ્રવેશ કરી કલ્પ પહેલાંવાળું સત્ય ગીતા જ્ઞાન આપી રહ્યા છે. જે બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ઉપર સાત દિવસના કોર્સ દ્વારા મેળવી શકાય છે.

પ્રથમ દિવસ - આત્માનું જ્ઞાન - ગીતાના અ. 2 - શ્લો. 20 થી 28માં બતાવેલ આત્માનો પરિચય તથા અ. 15 - શ્લો. 1 થી 6માં બ્રહ્મલોક તથા સાકારી દુનિયાની જે માહિતી છે તે હવે વિસ્તારથી મેળવો.

બીજો દિવસ - પરમાત્માનો પરિચય - ગીતામાં ઘણા બધા શ્લોકમાં પરમાત્માનો પરિચય મળે છે. અ. 11 - શ્લો. 8, અ. 15 - શ્લો. 1 થી 6, અ. 13 - શ્લો. 13 થી 16, અ. 8 - શ્લો. 21, અ. 7 - શ્લો. 25, અ. 10 - શ્લો. 3. હવે પરમાત્માનો સંપૂર્ણ પરિચય એમના દ્વારા અપાયેલ જાણો.

ત્રીજો દિવસ - પરમાત્માનું કર્તવ્ય - ગીતામાં અ. 13 - શ્લો. 13 થી 16માં બ્રહ્મા દ્વારા સ્થાપના, વિષ્ણુ દ્વારા પાલના અને શંકર દ્વારા

વિનાશ કેવી રીતે કરાવે છે તે અને અ. 9 - શ્લો. 10માં દર્શાવેલ સૃષ્ટિચક્રની વિસ્તારથી માહિતી મેળવો.

ચોથો દિવસ - કલ્પવૃક્ષ - ગીતામાં અ. 15 - શ્લો. 1 થી 4માં બતાવેલ ઉલટા કલ્પવૃક્ષની વિસ્તારથી માહિતી મેળવો.

પાંચમો દિવસ - 84 જન્મોની સીડી - આ સીડીની માહિતી ગીતામાંથી અદ્રશ્ય થઈ ગયેલ છે. ફક્ત કેવા કર્મ દ્વારા ક્યાં જન્મ મળે તેવી થોડીક માહિતી અ. 6 - શ્લો. 40 થી 45માં છે. હવે પૂરા કલ્પમાં આત્માઓ કેટલા જન્મ કેવા સ્વરૂપે લે છે તે સંપૂર્ણ માહિતી મેળવો.

છઠ્ઠો દિવસ - ગીતા - અ. 4 - શ્લો. 7-8માં ભગવાન કહે છે 'અધર્મો વધે ત્યારે હું ધર્મ સ્થાપવા આવું છું.' હવે ગીતા તો ઘેર ઘેર છે તો ફરી એનું એ ગીતા જ્ઞાન આપવા આવવાની શી જરૂર ? સત્ય હકીકત એ છે કે અવશેષો ઉપરથી બનેલી ગીતામાં તો 1% થી 2% જ જ્ઞાન આવ્યું છે બાકીનું ખોવાઈ ગયેલ છે. તેથી જ ઘેર ઘેર ગીતા હોવા છતાં પરમાત્માને રૂબરૂ આવી ફરી વિસ્તારથી જ્ઞાન અને યોગ શીખવવો પડે છે. સતયુગી દેવી-દેવતા સમાન પવિત્ર બનાવી બ્રહ્મા દ્વારા સ્થાપનાનું કર્તવ્ય કરાવવું પડે છે.

સાતમો દિવસ - રાજયોગ - ગીતામાં અ. 6માં યોગ વિષે ઘણા શ્લોક છે. તથા અ. 8 - શ્લો. 13માં પણ યોગની વિધિ બતાવેલ છે હવે ફરી વિસ્તારથી રાજયોગ શીખવા આ વિશ્વવિદ્યાલયમાં પ્રેક્ટીકલ તાલીમ અપાય છે.

આત્મા સો પરમાત્મા વાદ મિથ્યા ભ્રમણ છે.

ગીતામાં શબ્દો નિરાકારના છે અને ઉપર નામ દેહધારી શ્રી કૃષ્ણનું આવવાથી શ્રી કૃષ્ણનો આત્મા એ જ પરમાત્મા થઈ ગયા. અને આત્મા સો પરમાત્મા વાદ પ્રગટ થયો. તેથી આજે વિશ્વમાં 400 થી વધુ મહાન વ્યક્તિઓ પોતાને પરમાત્મા કહેવા લાગ્યા છે. સંન્યાસીઓ તથા મોટાભાગના મઠ, પંથ, સંપ્રદાય આ વાદ સ્વીકારીને ચાલી રહ્યા છે. પરંતુ આ વાદનું ગીતામાં જ ભગવાને ખંડન કર્યું છે.

1. ગીતામાં અ. 15 - શ્લો. 16માં લખેલું છે. 'અવિનાશી આત્માઓ કરતાં પરમાત્મા અલગ છે.'

2. ગીતામાં અ. 11 - શ્લો. 8માં ભગવાન કહે છે 'હું અજન્મા, અવ્યક્ત, અપ્રત્યક્ષ છું.' આત્માઓ તો પુનર્જન્મ લે છે.

3. ગીતામાં અ. 15 - શ્લો. 6માં લખ્યું છે હું બ્રહ્મલોકનો નિવાસી છું. જ્યાં સૂર્ય - ચંદ્રનો પ્રકાશ પહોંચતો નથી. આત્માઓ તો સૃષ્ટિ ઉપર પુનર્જન્મ લેતા રહે છે.

4. ગીતામાં અ. 13 - શ્લો. 13 થી 16માં લખ્યું છે. 'પરમાત્મા સર્વ જગતના જાણકાર હોવા છતાં ઈન્દ્રિયો વિનાના છે. તેઓ સૃષ્ટિની સ્થાપના, પાલના, વિનાશ માટે બ્રહ્મા વિષ્ણુ શંકરની રચના કરે છે.' તેથી જ પરમાત્માને શિવ અને આત્માઓને શાલીગ્રામ કહે છે. તેથી જ તેમને GOD કહે છે. અને આત્માને SOUL કહે છે. પૂજા માટે પણ વચ્ચે મોટું એક જ શિવલિંગ અને આજુબાજુ સેંકડો નાના લિંગ (શાલીગ્રામ) બનાવવામાં આવે છે.

5. ગીતામાં અ. 4 - શ્લો. 7-8માં પરમાત્મા કહે છે. 'અધર્મોનો નાશ કરી ધર્મની સ્થાપના કરવા હું અવતરું છું. જો આત્મા એ જ પરમાત્મા હોય તો અધર્મ વધે જ નહિ. આત્મા એ જ પરમાત્મા હોય તો અધર્મોનો નાશ કરવા પરમધામથી કોણ આવીને ગીતા જ્ઞાન આપે છે ?

(અનુસંધાન પેજ નં. 34 પર)

બાબાના વારિસ બનીએ..

બ્ર.કુ. વારિસભાઈ, ગાયત્રીનગર, રાજકોટ

આપણે સૌ એક પરિવારના સભ્ય છીએ. જેમ કે પરમધામ કે આત્મિક દૃષ્ટિએ આત્મિક પરિવાર, દિવ્યગુણોથી સજ્જ એવા દૈવી પરિવાર કે જે બહુ ઓછી સંખ્યામાં હોય છે. વર્તમાન સમય સંગમયુગમાં શ્રેષ્ઠ પરિવાર એટલે બ્રાહ્મણ પરિવાર. આપણે બેહદના બાપના સંતાનો હોવાથી બેહદના પરિવારના સભ્ય (બ્રહ્માવત્સ) છીએ. પરમધામ ઘર કહેવાય અને ઘરમાં માલિક તો હોય જ ને ? પરમધામ ઘર તો એક જ છે. પરંતુ વિશાળ હોવાથી દરેક આત્માઓ માલિક છે. ત્યારબાદ પૃથ્વી પર પહેલો જન્મ સ્વર્ગમાં થાય એટલે પૂરા વિશ્વના માલિક કહેવાય. જ્યારે બાળકનો જન્મ થાય એટલે પિતાની સર્વ પ્રોપર્ટીનો હકદાર - વારસદાર બની જ જાય છે. બાબા પણ મુરલીમાં કહે છે કે 'બચ્ચા પૈદા હુઆ ઔર વારિસ બના.' સતયુગમાં સ્વર્ગનો વારસો મળશે. ખુશીની વાત એ છે કે ત્યાં દીકરો-દીકરી બન્ને વારસાના સમાન અધિકારી હોય છે. રાજકુમાર - રાજકુમારી, વિશ્વ મહારાજન - વિશ્વ મહારાણી હોય છે. બંને વિશ્વના માલિક હશે. પરંતુ એ પણ અહીંનાં પુરુષાર્થ અનુસાર પદની પ્રાપ્તિ થશે. વર્તમાનમાં શું ?

આપણે પદ્માપદ્મ ભાગ્યશાળી બની વર્તમાન સંગમયુગમાં સ્વયં પરમપિતાની પાલના લઈ, એમની સર્વ અલૌકિક પ્રોપર્ટીના માલિક બની, સર્વ ખજાનાના અધિકારી બની સાચા વારસદાર બનીએ છીએ. આ અલૌકિક જન્મ જ છે જેમાં પ્રભુપાલના મળે છે. પરમપિતાનો સાકારમાં અનુભવ કરી શકીએ છીએ. અહીંયાં પરમપિતા શિવબાબા છે કે જે બ્રહ્મા માતા દ્વારા મુખવંશાવલી બાળકોને જન્મ આપે છે. 'બાલક સો માલિક' પરંતુ કેવી રીતે બનીશું ?

વારસો હંમેશા પિતા દ્વારા મળે છે. બાબા પાસે બેહદનો વારસો છે. જ્ઞાનનો ખજાનો, સર્વ ગુણોનો ખજાનો, સર્વ શક્તિનો ખજાનો, સર્વ સુખોનો ખજાનો, આનંદનો ખજાનો, પ્રેમનો ખજાનો, પવિત્રતાનો ખજાનો વગેરે. જ્ઞાનના ખજાનામાં સાકાર મુરલી અને અવ્યક્ત વાણી એ બે પ્રોપર્ટી છે. સર્વ ગુણોના ખજાનામાં દિવ્યગુણોનો ગુલદસ્તો છે. સર્વ શક્તિનાં ખજાનામાં અષ્ટશક્તિઓ છે. સર્વ સુખોના ખજાનામાં અતીન્દ્રિય સુખ છે. જેટલા આ ખજાનાથી ભરપૂર થઈશું એટલા વિશ્વના માલિક બનીશું. બાળક બનતા અધિકારી બની જઈએ છીએ. પિતા પાસે જે વારસો હોય છે તે બાળકને વિલ કરી દે છે. અધિકારી એટલે પ્રાપ્તિ સ્વરૂપ. જ્યારે આપણે કોર્ષ કરી લઈએ છીએ. એટલે એ દિવસથી બાબાના બાળકનો જન્મ થયો કહેવાય. ધન્ય છે જેઓને ભગવાનનું બાળક બની પરમાત્મ પાલના પ્રાપ્ત થવાનું ભાગ્ય મળ્યું છે.

શિવબાબા જ્ઞાન અને યોગ દ્વારા આપણી પાલના કરે છે. અમૃતવેલે ઊઠાડવાની ક્રિયાથી લઈ રાત્રે સુવડાવવા સુધી સંપૂર્ણ પાલના કરે છે. મુરલી એ આપણી મા છે. જેના દ્વારા પાલના લઈએ છીએ. અલૌકિક જન્મ થતાં જ જ્ઞાનદૂધ મળી જાય છે. જેનાથી આપણે હેલ્થી-વેલ્થી-હેપ્પી રહીએ છીએ. આપણે રચના છીએ અને બાબા રચયિતા છે. જે રચના કરે છે એમને પાલના કરવી જ પડે છે. બસ બાળક ખુશ હોય એટલે માતાપિતાને પણ ખ્યાલ હોય છે. બાળકને માંગવું નથી પડતું.

અધિકારી બની જાય છે.

આજ્ઞાકારી

માતા-પિતા પોતાના જીવનથી અનુભવી બને છે. એટલે એ બાળકનું ઘડતર પોતાના અનુભવોથી ભવિષ્ય બનાવે છે. બાળકને શિક્ષા લાગે પણ માત-પિતાનો એ પ્રેમ હોય છે. બાળકને ઉચ્ચ બનાવવાનો. જે ભૂલો એમણે કરી છે એ બાળક ન કરે એ માટે નોલેજ આપે છે. ઓછા સમયમાં વધુ પ્રાપ્તિ કરવી એટલે આજ્ઞાકારી બનવું. સૌ પ્રથમ બાબાની આજ્ઞા, શ્રીમતની આજ્ઞા બે આપણી પ્રથમ આજ્ઞા છે. શ્રીમતની આજ્ઞામાં અમૃતવેળા, મુરલીક્લાસ, નુમાશામ, ટ્રાફિક કંટ્રોલ વગેરેનો સમાવેશ થાય છે. સૌથી શ્રેષ્ઠ બનવાનો માર્ગ શ્રીમત દ્વારા મળે છે. ઉચ્ચ પદ અને ઉચ્ચ સ્થિતિનો આધાર શ્રીમત છે. સ્વ- ઉન્નતિ કરવાનો શ્રેષ્ઠ માર્ગ શ્રીમત છે. શ્રીમત શ્રેષ્ઠ તે શ્રેષ્ઠ મત છે. ગુરુના પણ ગુરુ સદ્ગુરુની આજ્ઞા એટલે શ્રીમત. એ પછી આપણા મમ્મા - બાબાની આજ્ઞા, દાદીઓની આજ્ઞા, દીદીઓની આજ્ઞા, નિમિત્ત ટીચર બહેનોની આજ્ઞા, વરિષ્ઠ ભાઈઓની આજ્ઞા વગેરે. આ બધા દ્વારા પણ બાબા આજ્ઞા અપાવી આપણને શ્રેષ્ઠ બનાવે છે. આજ્ઞા એટલે જ્ઞાનનો પ્રેક્ટિકલ અનુભવ કરી બીજાને આગળ વધારનારા અનુભવો. આજ્ઞામાં શુભભાવના અને દુઆ હોય છે કે જે વિશેષતા આપણામાં છે તેનો ઉપયોગ સેવામાં થાય અને આપણે એક કદમ આગળ વધીએ. આજ્ઞા સફળતા તરફ લઈ જતો માર્ગ છે. ઉચ્ચ સ્થિતિ બનાવવાનો આધાર છે. કોઈ કાર્ય કે પ્રવૃત્તિ ન પણ આવડતી હોય છતાં આજ્ઞા માનીએ એટલે વરદાન મળી જાય છે. આ વરદાન આપણને અવિનાશી સંસ્કારી બનાવે છે.

વારિસ બાળકોની નિશાની

- બ્રહ્માબાપને પૂરા-પૂરા ફોલો કરશે.
- શૂદ્રોના સંગથી પોતાની સંભાળ રાખશે. ક્યારેય પણ એમના સંગમાં આવી બાબાની શ્રીમતમાં મનમત મિક્સ નહીં કરે.
- સ્વયંનો સાચો-સાચો પોતામેલ બાબાને સંભળાવશે.
- એક - બેને સાવધાન કરી ઉન્નતિને પ્રાપ્ત કરતા રહેશે.
- ક્યારેય પણ બાબાનો હાથ છોડવાનો સંકલ્પ પણ કરશે નહિ.

હાં જી પાઠધારી

આપણા સૌમાં કોઈને કોઈ વિશેષતા ભરેલી હોઈ છે. આ વિશેષતા આપણા અલૌકિક જન્મથી જ બાબા તરફથી મળેલી ગીફ્ટ હોય છે. બાબા કાર્યમાં દરેકની વિશેષતાને જૂએ છે અને તે પ્રમાણે સેવામાં આગળ વધારતા હોય છે. સેવા મળે તે સમયે આપણી પાસે સમય ન પણ હોય, જાણકારી ના હોય, કાર્ય કરી શકે તેમ ના પણ હોય, વ્યસ્ત હોઈએ, આવડત ના હોય છતાં પણ એ સમયે હાં જી કહેવું એટલે દુઆઓને પાત્ર બની જઈએ છીએ. પછી ભલે એ સેવા કરવા કોઈ કારણ રજૂ કરીએ. પરંતુ પહેલા આપણા મુખેથી હાંજી નીકળવું જ જોઈએ. આ સેવા એક ચાન્સ હોય છે. આગળ વધવાનો જે પહેલા આપણા પાસે આવે છે. બાબાની આપણા પ્રત્યે આશ હોય છે કે આ બાળક કાર્ય પૂરુ કરી બતાવશે. બાબા કહે છે ના જી કહેનાર નાસ્તિક છે. બાબા સંપૂર્ણ વારસો આપી સર્વ બાળકોને મહારાજા - મહારાણી બનાવવા ઈચ્છે છે. પરંતુ આપણે જ થોડા હદના વિચારો, પૂર્વકાલનાં અનુભવો, મોહ અને આસક્તિના બંધનથી અને નિશ્ચયબુદ્ધિ ન હોવાથી વારસદાર

નંબરવાર બની જાય છે. યજ્ઞની શરૂઆતમાં બાબાની આજ્ઞાથી દાદીઓ બાળકોને ભણાવતાં. સ્વયં 14 વર્ષના અને 10 વર્ષના બાળકોને ભણાવવા, કેવી રીતે ? શું કરવું ? કાંઇ પણ વિચારતા નહીં, બસ બાબાની આજ્ઞાને હાં જી કહી પ્રેક્ટિકલમાં લાવતાં. ખુશી-ખુશી સેવાનો સ્વીકાર કરી આગળ વધતા. એ જ રીતે મમ્મા પણ બાબાની આજ્ઞાને હાં જી કહી કાર્યમાં લાવતા. એટલે જ નં. 1 વારસદાર બની ગયા. આ વિશેષતાની ગીફ્ટની લીફ્ટથી આપણે લાસ્ટ સો ફાસ્ટ જઈ શકીએ છીએ.

નિશ્ચય અને સમર્પણ બુદ્ધિ

બાળક નાનું હોય એટલે વિશ્વજગતનું જ્ઞાન કે બુદ્ધિ હોતી નથી એટલે બાબા કહે છે કે અત્યાર સુધી જે કાંઇ સાંભળ્યું છે, શાસ્ત્રોનું જ્ઞાન મળ્યું છે, એ બધું ભૂલી જાઓ. સમર્પણ બુદ્ધિ બની જાઓ. તો જ્ઞાન સાગરનો સંપૂર્ણ વારસો તમારો અધિકાર બની જશે. બાબાનાં જ્ઞાનને જેટલું પ્રેક્ટિકલમાં લાવીશું એટલા વારસાનાં અધિકારી બનીશું. જ્યારે આપણું જીવન બાબાએ સંભાળી લીધું છે તો બુદ્ધિ પણ સમર્પણ થઈ જાય છે. બ્રહ્માબાબા તન-મન-ધનથી સમર્પણ થયા તો નં.1 વારસદાર બની ગયા. આ શરીર બાબાનો રથ છે. એ જ્યાં ચલાવશે ત્યાં ચાલવાનું હોય અને ત્યાં આપણું કલ્યાણ હોય છે. તનમાં કોઈ બીમારી આવે તો નિશ્ચય રાખવો અને ડ્રામાની ઢાલ રાખવી. મનની અવસ્થા હલચલ થાય તો કર્મેન્દ્રિયોને સ્થિર કરી લઈએ અને સમય-સંજોગોને પસાર થઈ જાય તેની રાહ જોવી તથા ધન વર્તમાન સમયમાં બાબાની સેવામાં સફળ કરીશું. ભવિષ્યમાં તો ધનવાન લોકો આવશે અને કહેશે કે અમારું ધન સફળ કરો પરંતુ ત્યારે બાબા કહેશે ‘ટુ લેટ’ કહેવત છે કે, કિસીકી દબી રહી ધૂલ મેં, કિસીકી રાજા ખાય, કિસીકી ચોર લૂટ જાય કિસી કી આગ જલાય સફલ હો ઉસકી જો ધની કે નામ લગાય.’

એટલે ક્યારેય કોઈ વાત સાંભળી, અફવાઓથી કે વ્યર્થથી જ્ઞાનમાં સંશય ન લાવવો. નિશ્ચયથી વિજય છે. સમર્પણથી દિલ દર્પણ બની જાય છે.

તો આપણને આ નાનકડા સંગમયુગનો જન્મ પ્રાપ્ત થયો છે, બીજા એક પણ કલ્પમા ન મળે એવા પરમપિતાનો વારસો પ્રાપ્ત થઈ રહ્યો છે તો સમયની રાહ ન જોતાં સેકંડ-સેકંડને સફળ કરી 21 જન્મનો વારસો જમા કરી લઈએ અને બાબાનાં લાડલા વારિસ બનીએ એ શુભચિંતન સાથે...

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 13નું અનુસંધાન)... માતેશ્વરી જગદંબા

પોતાના કર્મોને ઠીક રાખવાના છે. એવું નહીં કે કર્મોને જ દોષ આપવાનો છે કે આપણા કર્મ જ એવા છે. કર્મ પણ આપણા કરવાથી બન્યાં. હવે જેવા કર્મો કરીશું તેવો ડ્રામા બનશે. તો ડ્રામા પર, ભાગ્ય પર કર્મો પર દોષારોપણ કરવાનું નથી. પુરુષાર્થ કરીને ઉંચું ભાગ્ય બનાવવાનું છે. કોઈના પર દોષારોપણ કરીને પોતે હળવા બનીને ચાલવું તે નબળાઈની નિશાની છે.

(૯) એવી કઈ વાત બુદ્ધિમાં રહે, તો પુરુષાર્થ સરળ બને ? - આપણે આંખો દ્વારા જે કાંઈ જોઈ રહ્યાં છીએ તે વિનાશી છે. તેમાં આસક્તિ રાખવાથી મને કંઈ જ મળવાનું નથી. એટલે તેનાથી બુદ્ધિ હટાવીને નવી દુનિયામાં માલામાલ બનીશું. આ જીવિત દુનિયાને વિનાશી જોવી અને આવનારી દુનિયાને જીવિત જોવી. આ રીતે પુરુષાર્થ કરવો સરળ બનશે.

॥ ઓમશાંતિ ॥

વિનયથી વિદ્યાર્થી દીક્ષિત બને

બ્ર.કુ. અનિલ, સુરત

જે કામ કરવું હોય એ થઈ શકે જરૂર હોય છે માત્ર નિષ્ઠા, સમર્પણ અને વિનયની.

ભારત દેશના ગુજરાતમાં રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકામાં સાંગણવા નામનું એક ગામ છે. એમાં એક સરકારી શાળા આવેલી છે. ગામની વસ્તી માત્ર 1500ની જ છે. જેમાંથી લગભગ 50% જેટલા લોકો રાજકોટ શહેરમાં વસે છે. સામાન્ય રીતે સરકારી શાળાઓની ભૌતિક સ્થિતિ અને શિક્ષણની ગુણવત્તા કેવી હોય છે એ જગજાહેર છે. આ પ્રાથમિક શાળાને જોયા પછી કોઈપણ માણસ અચંબામાં પડી જાય. થોડીવાર તો મુલાકાતીને એમ જ લાગે કે હું કોઈ સરકારી શાળામાં નહીં, પણ ખાનગી શાળામાં અને તે પણ હાઈફાઈ ખાનગી શાળામાં આવી ગયો છું.

આ પ્રાથમિક શાળામાં અત્યારે 150 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળામાં 8 રૂમ છે. અને તમામ રૂમ સ્માર્ટ ક્લાસ છે. એટલે લાખો રૂપિયાના ખર્ચે દરેક ક્લાસ રૂમને ઓડીઓ-વિડીયો માધ્યમથી સજ્જ કરવામાં આવ્યા છે. શાળાનું આખું કેમ્પસ વાઈફાઈથી સજ્જ છે. બાળકો અભ્યાસ માટે પાટી-પેન અને નોટબુક પેનની સાથે સાથે ટેબનો પણ ઉપયોગ કરે છે. બધી જ ટેસ્ટ ટેબ પર ચાલે છે. શાળાના બધા બાળકોને ડ્રેસમાં જીન્સનું પેન્ટ અને ટી-શર્ટ આપવામાં આવે છે. સવારે પ્રાર્થનાસભામાં બાળકો જ સંચાલન કરે છે. પ્રાર્થના ગાય છે. સંગીતના સૂરતાલ સાથે અને બાળકો જ વિદ્યાભ્યાસ સ્વયં કરે છે. વિવિધ માહિતીઓ આપે છે. લોકરુચિ સમાચાર આપે છે. શાળાના સ્માર્ટ ક્લાસને ઓપરેટ કરવાનું વિદ્યાર્થીઓ જાતે જ કામ કરે છે. શાળાના આખા પરિસરની સફાઈ ઉડીને તમારી આંખે વળગે એવી કરવામાં આવે છે. આ શાળામાં માત્ર ગામના જ નહીં આજુબાજુના ગામના વિદ્યાર્થીઓ પણ ભણવા માટે આવે છે.

તમને થશે કે સરકારી શાળાને આવી આધુનિક બનાવવા માટે સરકારે બહુ મોટી ગ્રાન્ટ આપી હશે! ના ભાઈ, ના, સરકારની મદદ વગર આ બધું શક્ય બન્યું છે. શાળાના આચાર્ય સુભાષભાઈ રાઠોડનો એકનો એક દીકરો બાર સાયન્સમાં અભ્યાસ કરતો હતો. સુભાષભાઈએ દીકરાના ઉચ્ચ અભ્યાસ માટે બહુ મોટી રકમ ભેગી કરી રાખી હતી. ભગવાનને કરવું એમનો દીકરો અકસ્માતમાં મૃત્યુ પામ્યો. દીકરાના અભ્યાસ માટે જમા કરેલી રકમ એમ જ પડી રહી. સુભાષભાઈએ નક્કી કર્યું કે મારી શાળાના બધા જ દીકરા-દીકરીઓ મારા જ દીકરા અને દીકરીઓ છે. એટલે એમણે ભેગી કરેલી તમામ રકમ તથા દીકરાની વીમા પોલીસીની મળેલી રકમ શાળાને દાનમાં આપી દીધી હતી. એમાંથી શાળાને આધુનિક બનાવવાનો પ્રારંભ કર્યો. પછી તો બીજા કેટલાય દાતાઓનો સાથ સહકાર મળ્યો. સરકારે પણ જુદી જુદી યોજનામાંથી ગ્રાન્ટોની ફાળવણી કરી અને પરિણામ સ્વરૂપે આ ગામની આ સરકારી પ્રાથમિક શાળા માત્ર ગુજરાતની જ નહીં પણ સમગ્ર ભારતની પ્રથમ ડીજીટલ શાળા બની ગઈ.

ખરેખર આ સરકારી શાળા મહિમા યોગ્ય છે. જીવનચારિત્ર્યથી શોભે છે. એનું વર્તમાન સમયે આનાથી ઉત્તમ ઉદાહરણ બીજું હોય શકે નહીં. ખરેખર મહિમા યોગ્ય છે. આ શાળા જે વિદ્યા

વિનયથી શોભે છે. એ વાતને સાર્થક કરી છે. આમ વિદ્યાનો મુખ્ય આધાર છે વિનય. વિવેકશૂન્ય, અધકચરું જ્ઞાન કે વિદ્યા માનવીને અભિમાની બનાવે છે. વધુ ઊંડાણ ભરેલું જ્ઞાન વિવેકપૂર્ણ જ્ઞાન વિનયમાં પરિવર્તન પામે છે. એટલે જ વધુ ઉચ્ચ ભણેલા વધુ વિનયી હોય છે. આ વાત આપણે એક દ્રષ્ટાંતથી સમજીએ. ઘણાં વર્ષો પહેલાં અલકાપુરી નામે એક નગરી હતી. તેના રાજાને કુમારસેન નામે એક પુત્ર હતો. પાંચ વર્ષની ઉંમરે કુમારસેનને ગુરુદેવ દયાનંદના આશ્રમમાં વિદ્યા ભણવા મોકલ્યો. પંદર વર્ષનો થતાંમાં તો તે બધી વિદ્યામાં પારંગત બની ગયો અને યુદ્ધ શાસ્ત્રમાં તો તેણે ખાસ પ્રવીણતા મેળવી.

કુમારસેન જેટલો હોંશિયાર હતો. એટલો જ ગર્વિષ્ટ હતો. તેણે ગુરુદેવને જણાવ્યું. ગુરુદેવ, આપે મને બધી જ વિદ્યા ભણાવી છે. ખાસ કરીને યુદ્ધમાં તો મને કોઈ હરાવી શકે તેમ નથી. પણ મારી એક જ ઈચ્છા છે.

ગુરુએ પૂછ્યું બોલ બેટા, તારી શી ઈચ્છા છે? કુમારસેને કહ્યું કે ગુરુજી મારે તમારી સાથે યુદ્ધ કરવું છે. મારી ઈચ્છા તમારે પૂર્ણ કરવી જ પડશે. ત્યારે ગુરુજીએ કહ્યું કે અરે બેટા, હું તો હવે વૃદ્ધ થયો છું અને અશક્ત પણ છું. હું તારી સાથે કેવી રીતે યુદ્ધ કરું ?

કુમારસેનને સમજાવવા ખૂબ જ પ્રયત્નો કર્યા પણ તે માન્યો જ નહીં. એટલે પંદર દિવસની મુદત પછી યુદ્ધ કરવાનું ગુરુદેવે કબૂલ કર્યું. રાજકુમાર ગુરુદેવના આશીર્વાદ લઈને મહેલે ગયો પણ ગુરુદેવ યુદ્ધની કેવી તૈયારી કરે છે તે જોવા માટે જાસૂસો રાખ્યા. તેમણે આવીને ખબર આપ્યા કે ગુરુદેવે લુહારને પચ્ચીસ ફૂટ લાંબુ તલવારનું મ્યાન તૈયાર કરવા આપ્યું છે. કુમારસેને માન્યું પચ્ચીસ ફૂટ દૂરથી ગુરુદેવ મને વાર કરશે ત્યારે ત્રણ ફૂટની તલવાર શા કામની ? તેણે પચ્ચીસ ફૂટ લાંબી તલવાર અને મ્યાન કરાવવા આપ્યા.

પંદર દિવસની મુદત બાદ ગુરુ-શિષ્યની જોડી સમરાગંણમાં ઉતરી. નક્કી કરેલો સમય થતાં જ ગુરુદેવ પચ્ચીસ ફૂટ લાંબા મ્યાનમાંથી ત્રણ ફૂટ લાંબી તલવાર બહાર કાઢીને વીજળીવેગે કુમારસેન તરફ ધસ્યા. કુમારસેન હજી તો પચ્ચીસ ફૂટ લાંબી તલવાર કાઢતો હતો ત્યાં તો ગુરુદેવે તેમની તલવાર તેની પર ધરી દીધી. કુમારસેનના તો મોતીયા જ મરી ગયા.

ગુરુદેવ તમે જીત્યા અને હું હાર્યો. કહેતાં કુમારસેન ગુરુદેવના પગમાં જ પડી ગયો. ગુરુદેવે પિતાના વાત્સલ્યથી કહ્યું, બેટા, ધ્યાનમાં રાખજે. આજ સુધી મેં તને જે જે વિદ્યા શીખવી છે, તેનો છેલ્લો પણ અગત્યનો પાઠ શીખવું છું. વિદ્યાનો કદી ગર્વ ન કરતો. વિદ્યા વિનયથી જ શોભે છે.

માનવીને વિનયી બનાવવામાં શિક્ષણક્ષેત્ર કંઈક ફાળો આપી શકે. એટલે કે વિદ્યાર્થી અવસ્થામાં જ ચારિત્ર્ય ઘડતરનું પણ શિક્ષણ આપવું ઘટે. સ્કૂલ-કોલેજમાં આ માટે નૈતિક શિક્ષણ દાખલ કરી શકાય. જો સ્કૂલમાંથી જ બાળકોને ચારિત્ર્યનું શિક્ષણ મળે તો બાળકો મોટા થઈને, સ્નાતક થઈને વિદ્યાપીઠમાંથી બહાર નીકળે ત્યારે તેમનું ઘડતર વિનયશીલ હોય અને તેઓ સમાજને વધુ ઉપયોગી થઈ શકે. આવા પ્રકારનું મૂલ્યનિષ્ઠ શિક્ષણ વિદ્યાર્થીઓને સ્કૂલોમાં આપવામાં આવે તો બાળકો મૂલ્યનિષ્ઠ શિક્ષણથી વધુ મૂલ્યવાન બને અને મૂલ્યોની મહેંકથી પોતાના જીવનની સાથે સાથે સમાજને પણ મહેંકતું બનાવી શકે. તેનાથી ભાવિ પેઢી વિનયી, ચારિત્ર્યવાન અને મૂલ્યવાન બનશે તે નિ:શંક હકીકત છે. બ્રહ્માકુમારી વિદ્યાલયે આ દિશામાં **ટચ ધ**

(અનુસંધાન પેજ નં. 30 પર)

યજ્ઞ સેવા

બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

યજ્ઞનું નામ - રાજસ્વ અશ્વમેધ અવિનાશી રૂદ્ર ગીતા જ્ઞાન યજ્ઞ.

યજ્ઞ સંસ્થા - પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (હાલનું નામ)

સંસ્થાની સ્થાપના - એક પારિવારિક સંગઠનના રૂપમાં - વર્ષ 1936. સંગઠને સંસ્થાનું રૂપ ધારણ કર્યું - વર્ષ 1937

સંગઠન સંસ્થાનું મૂળ સ્થળ - હૈદરાબાદ, સિંધ પ્રાંત હાલ પાકિસ્તાનમાં છે.

સંસ્થાનું હાલનું આંતરરાષ્ટ્રીય મથક - પાંડવભવન, માઉન્ટ આબુ, રાજસ્થાન, ભારત (1950થી)

સંસ્થાનું જૂનું નામ - ઓમ મંડળી.

સેવાનાં માધ્યમ - આધ્યાત્મિક મેળા, ઝાંખી, પ્રદર્શન, સ્નેહમિલન, સંમેલનો, પરિષદો, સાપ્તાહિક પાઠ્યક્રમ, રાજયોગ શિબિર, સામયિકો, સાહિત્ય વગેરે.

મુખ્ય વિષયો - ઈશ્વરીય જ્ઞાન, સહજ રાજયોગ, દિવ્ય ગુણોની ધારણા અને ઈશ્વરીય સેવા.

સંસ્થાના નિરાકાર સ્થાપક - પરમપિતા પરમાત્મા શિવ.

સંસ્થાના સાકાર સ્થાપક - પ્રજાપિતા બ્રહ્મા.

સંસ્થાનાં પ્રથમ મુખ્ય પ્રશાસિકા - રાજયોગિની માતેશ્વરી જગદંબા સરસ્વતી વર્ષ 1937 થી 1965.

સંયુક્ત રીતે સંસ્થાનો કાર્યભાર સંભાળ્યો - દાદી પ્રકાશમણિજી અને દીદી મનમોહિનીજી એ વર્ષ 1965 થી 1983. 1969 થી 2007 સુધી દાદી પ્રકાશમણિજી મુખ્ય પ્રશાસિકા પદે રહ્યાં. યુનો તરફથી પીસ મેડલ તથા શાંતિદૂતના પુરસ્કારો મળ્યા છે.

સંસ્થાના હાલના મુખ્ય પ્રશાસિકા -

દાદી જાનકીજી (ઉંમર વર્ષ 103 થી વધુ)

આ સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO) ની વર્ષ 1980 થી બિનસરકારી સભ્ય છે. યુનિસેફ (U N I C E F) ની આર્થિક અને સામાજિક પરિષદની 1982 થી સલાહકાર સભ્ય બની છે. વર્ષ 1987માં યુનિસેફમાં સભ્ય પદ પ્રાપ્ત થયું. તા. 7-3-1994ના રોજ પ્રજાપિતા બ્રહ્માબાબાની સ્મૃતિમાં ટપાલ ટિકિટ બહાર પાડીને ભારત સરકારે સંસ્થાનું તથા તેના દ્વારા અપાતા શિક્ષણનું બહુમાન કર્યું.

સંસ્થાના સ્થાપક -

દાદા લેખરાજનો જન્મ વર્ષ 1876માં (સિંધ પ્રાંત) હાલ પાકિસ્તાનમાં થયો. દાદા લેખરાજ ઝવેરીના વ્યવસાયમાં આગળ વધ્યા. જમીનદારો, જાગીરદારો, રાજા મહારાજાઓ સાથે ધંધાકીય સંબંધો હતા. હૈદરાબાદ સિવાય કલકત્તામાં પણ ભાગીદાર સાથે ઝવેરાતનો ધંધો ચાલતો હતો. એક વખત બનારસમાં મિત્રના બંગલાના બગીચામાં બેસી ધ્યાન ધરતા હતા તે સમયે પ્રથમ સાક્ષાત્કાર થયો. અણુયુદ્ધ, ગૃહયુદ્ધ અને કુદરતી આપદાઓથી સૃષ્ટિનો નાશ દેખાયો. પ્રથમ સાક્ષાત્કારને સમજવા માટે ગહન ધ્યાનમાં રહેવા લાગ્યા, એકાન્તમાં રહેવા લાગ્યા, ત્યારે બીજો સાક્ષાત્કાર થયો. જેમાં ઉપરથી તારા સમાન આત્માઓ નીચે ઉતરી રહ્યા છે, નવી દુનિયાની

રચના થઈ રહી છે, સ્વર્ગ બની રહ્યું છે - 'તારે આ કામ કરવાનું છે.' એવો સંકેત દેખાયો. દાદા લેખરાજે કલકત્તાની પેઢીના ભાગીદાર સાથે પૂર્ણ વિચાર વિમર્શ કરી, હિસાબ કિતાબ કરી તેમના ભાગની સંપતિ લઈ પરત હૈદરાબાદ આવ્યા. દાદા લેખરાજને વિષ્ણુ ચતુર્ભુજના પણ સાક્ષાત્કાર થયા હતા. ત્યાર પછી જે સાક્ષાત્કાર થયો જેમાં શિવપિતા ઉપરથી જ્યોતિ બિંદુ સ્વરૂપે નીચે ઉતરી દાદા લેખરાજના મસ્તિકમાં સમાઈ જાય છે, તે સમયે એક દિવ્ય ધ્વનિ સંભળાયો - નિજાનંદ સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્, જ્ઞાન સ્વરૂપમ્ શિવોહમ્. દાદા લેખરાજની 60 વર્ષ પછીની ઉંમરે આ સાક્ષાત્કારો થયા બાદ, વ્યવસાય છોડી, પરિવારના બધા સભ્યોને ભેગા કરી વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે લૌકિક જીવનથી નિવૃત્ત થયા. પારિવારિક મિલકતનું ટ્રસ્ટ બનાવ્યું. દાદા લેખરાજને થયેલા સાક્ષાત્કારની વાતો ફેલાવા લાગી. લોકો મળવા આવતા. લોકોને દાદા લેખરાજમાં કૃષ્ણનાં દર્શન થતાં. ખાસ સ્ત્રીઓ વધારે પુરુષો ઓછા. લંડનના Times મેગેઝિનમાં રિપોર્ટ છપાયો. ત્યાર બાદ દેશ પરદેશના લોકો વધારે મળવા આવતા. ઓમરાધે (પાછળથી જગદંબા સરસ્વતી) 16 વર્ષની ઉંમરે અને રમા (પાછળથી દાદી પ્રકાશમણિ) 14 વર્ષની ઉંમરે લેખરાજ દાદાને મળ્યા. આ બંને સાધનામાં જોડાઈ ગયાં. રાધે ભજનો અને ગીતો ગાવામાં હોંશિયાર હતાં. રમાને શ્રીમદ્ ભગવદ્ગીતા કંઠસ્થ હતી. આમ અન્ય બાલિકાઓ જોડાતી ગઈ, સંખ્યા વધતી ગઈ અને તેમાંથી જ 'ઓમ મંડળી'ની સ્થાપના થઈ વર્ષ 1936માં નાની બાલિકાઓ સ્વેચ્છાએ જોડાવા લાગી. વાલીઓનો વિરોધ છતાં સમર્પિત થતી ગઈ. ઓમ મંડળી હૈદરાબાદથી કરાંચી ગઈ ત્યારે 385 સભ્યો હતા. વર્ષ 1937 થી 1950 - 14 વર્ષ કરાંચીમાં ભાડાના મકાનોમાં સંસ્થાની સ્કૂલ ચાલતી હતી.

બ્રિટીશ સલ્તનતે હિન્દુસ્તાનને આઝાદી આપી. હિન્દુસ્તાનના ભાગલા થયા. તા. 14-08-1947ના રોજ પાકિસ્તાન સ્વતંત્ર દેશ બન્યો. તે વખતે સિંધ પ્રાન્તના પ્રથમ CM દાદા લેખરાજના મિત્ર હતા. દેશના ભાગલા, ભૂમિના ભાગલા, નાગરિકોનાં સ્થળાંતર, હિંસા, અશાંતિ, અસલામતી વચ્ચે વર્ષ 1950માં શિવબાબાનો આદેશ થયો. 'પર્વત પર જાઓ' સિંધ પ્રાંતના CMએ જહાજ આપ્યું. બધાએ તેમના સામાન સાથે સહીસલામત કરાંચી છોડ્યું. આ જહાજ ભારતના ઓખા બંદરે પહોંચ્યું. 385 સભ્યો ટ્રેઈનથી આબુ પહોંચ્યા. માઉન્ટ આબુના, ભરતપુરના રાજાના મહેલમાં સંસ્થાના સભ્યો રહેવા લાગ્યા. વર્ષ 1950. ઉબડખાબડ પથરાળ જમીન પર શ્રમયજ્ઞથી છત્રછાયા બનવા લાગી. મદદ મળતી રહી. આધ્યાત્મિક સતસંગમાં સંખ્યા વધવા લાગી. આધ્યાત્મિક જ્ઞાનનો ફેલાવો થતો ગયો, તેમ તેમ મદદના હાથ લંબાતા ગયા. શીશ પર છત્રછાયાઓ બનતી ગઈ.

વર્ષ 1952માં જગદંબા સરસ્વતી (મમ્મા)ને 1 માસ માટે દિલ્હી મુકામે, બાબાએ સેવા માટે મોકલ્યાં ત્યારે જ આ સંસ્થાનું આબુ સિવાયનું પ્રથમ સેવાકેન્દ્ર દિલ્હીમાં શરૂ થયું. તે પછી થોડા સમયે કાનપુરમાં બીજું સેવાકેન્દ્ર શરૂ થયું. પાછળથી સેવાકેન્દ્રો ખુલતાં ગયાં, ખુલતાં ગયાં... વર્ષ 1971 થી વિદેશ સેવાની શરૂઆત થઈ.

મુખ્ય સેવા સ્થળ -

માઉન્ટ આબુ પર આવેલું પાંડવ ભવન એ આ સંસ્થાનું આંતરરાષ્ટ્રીય હેડક્વાર્ટર છે. પાંડવભવન, પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ

વિદ્યાલયનું મુખ્ય સેવાકેન્દ્ર છે. અહીં આવાસ નિવાસ ભવનો છે. મોટો સભાખંડ છે. વિશ્વભરના 140 દેશોમાંના 8500 થી વધુ સેવાકેન્દ્રોનું સંચાલન અહીંથી જ થાય છે. આ જ મુખ્ય તપસ્થલી છે. બાબાના બાળકો અહીં ખાસ આવી ચાર યાત્રા સ્થળો (૧) બાબાની ઝૂંપડી (૨) બાબાનો કમરો (૩) હિસ્ટ્રી હોલ (૪) શાંતિ સ્તંભની મુલાકાત લઈ પોતાના બ્રાહ્મણ જીવનમાં સંકલ્પોને શક્તિશાળી બનાવે છે. સંસ્થાનો ઈતિહાસ અને સંભારણાનું સંગ્રહસ્થાન છે. જ્ઞાન સરોવર પણ માઉન્ટ આબુ પર છે. આવાસ નિવાસ ભવનો છે. કાયમી મ્યુઝિયમ છે. હાર્મની હોલના બે સભાખંડો છે. બાબાના રશિયન બાળકોએ આપેલી કલ્પવૃક્ષની કૃતિથી પરમધામની સંકલ્પના તાર્દશ્ય થાય છે.

બાબાના બાળકોની સંખ્યા વધતી ગઈ, પરિવાર મોટો થતો ગયો તેમ માઉન્ટ આબુ પરનાં ભવનો નાનાં પડવા લાગ્યાં. વિશાળ સંખ્યામાં બાબાના બાળકોને આધ્યાત્મિક જ્ઞાન આપવા આબુરોડ પર તળેટીમાં ત્રીજું સંકુલ બનાવવામાં આવ્યું, તે શાંતિવન ! ચાર મોટાં આવાસનિવાસ ભવનો સાથેનું મનમોહિનીવન સંકુલ બનાવવામાં આવ્યું છે. 25000 પ્રેક્ષકો/શ્રોતાઓને સમાવનાર ડાયમંડ હોલ છે. જેને કોઈ પીલર નથી. બીજો એક કોન્ફરન્સ હોલ પણ છે. ત્રણ માળનું બાબાનું ભોલે ભંડારાનું બિલ્ડીંગ છે. સોલર એનર્જીથી ચાલતું મોટું રસોઈઘર છે. ટીચર્સ બહેનો તથા સેવાધારીઓ માટે નિવાસ ભવનો છે.

પાંડવભવન, જ્ઞાનસરોવર અને શાંતિવનમાં જ્ઞાન શિબિરો, યોગભઠ્ઠીઓ, બાબાના અવતરણના - બાબા મિલનના કાર્યક્રમો, દાદા, દાદીઓ અને દીદીઓના પ્રવચનો ચાલતાં જ રહે છે. ભારતના અને વિદેશના બાબાના બાળકો આવી જ્ઞાન લે છે, સેવાઓ કરે છે. સેવા કરવાના શુભ દૃઢ સંકલ્પો સાથે પરત પોત પોતાના વતનમાં, પાઠશાળાઓમાં, સેવાકેન્દ્ર પર જઈ બાબાના યજ્ઞની સેવાઓ કરે છે.

માઉન્ટ આબુ પર ગ્લોબલ હોસ્પિટલ છે. માઉન્ટ આબુ એ જંગલ અને ગિરિવાસીઓનો પછાત વિસ્તાર છે. આજુબાજુની જનતાની આરોગ્યને લગતી તમામ સેવાઓ આપે છે. રોગનિદાન કેમ્પ પણ થાય છે. બાબાના બાળકોને માટે પણ આરોગ્ય વિષયક સેવાઓ આપે છે. આબુરોડમાં પણ ભિન્ન ભિન્ન રોગોની હોસ્પિટલો, વૃદ્ધાશ્રમ વગેરેની સ્થાપના થઈ છે. ભિન્ન ભિન્ન ભવનો બન્યાં છે. દાદી પ્રકાશમણિજી પાર્ક, માઉન્ટ આબુમાં દાદી જાનકીજી પાર્ક પણ છે.

માઉન્ટ આબુ પર પીસપાર્ક - સુંદર બગીચો છે. પ્રકૃતિની ગોદ છે. સ્થાયી પ્રદર્શન દ્વારા આધ્યાત્મિક જ્ઞાન આપવામાં આવે છે. પીસપાર્કની શાંતિથી તન મન પ્રફુલ્લિત બને છે.

સંસ્થાએ પૂરા વિશ્વના વિશાળ ફલક પર યજ્ઞસેવા કરવા સારૂ તેની પોતાની 20 સેવા-શાખાઓનું આયોજન કરેલ છે. જેમાં ધાર્મિક પ્રભાગ, યુવા પ્રભાગ, મહિલા પ્રભાગ, કલા અને સંસ્કૃતિ પ્રભાગ, ગ્રામ વિકાસ પ્રભાગ, વ્યવસાય અને ઉદ્યોગ પ્રભાગ, શિક્ષા પ્રભાગ, સમાજ સેવા પ્રભાગ, વૈજ્ઞાનિક અને અભિયંતા પ્રભાગ, પ્રશાસન પ્રભાગ, સંપર્ક પ્રભાગ, જનસંચાર માધ્યમ પ્રભાગ, તબીબી પ્રભાગ, ન્યાયિક પ્રભાગ, પરિવહન અને પર્યટન પ્રભાગ, સ્પોર્ટસ પ્રભાગ, સુરક્ષા પ્રભાગ, રાજનીતિ પ્રભાગ, સ્પાર્ક પ્રભાગ વગેરે છે.

આ સેવાશાખાઓનું સંચાલન સમર્પિત નિષ્ણાત, જે તે શાખાને અનુરૂપ અભ્યાસી

બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારીઓ દ્વારા થાય છે.

ભારતમાં તથા વિદેશમાં યજ્ઞ સેવા -

Peace of Mind ચેનલ સંસ્થાની પોતાની જ છે. જે વર્ષ 2011 થી શરૂ થઈ છે. આબુ રોડ સ્થિતિ શાંતિવનના મનમોહિની સંકુલમાં પોતાનો 'ગોડલી વુડ' સ્ટુડિયો છે જે વર્ષ 2012 થી શરૂ થયો છે. આ ચેનલ મારફતે શાંતિવનના ડાયમંડ હોલમાં થતા બાબા અવતરણના ભઠ્ઠીઓના શિબિરોના તેમજ પાંડવભવન અને જ્ઞાન સરોવરના થતા કાર્યક્રમોનું જીવંત પ્રસારણ દેશ વિદેશમાં ઘર ઘર સુધી પહોંચાડવામાં આવે છે. 24 કલાક ચાલતી, પીસ ઓફ માઈન્ડ ચેનલ મારફતે સવારે વંચાતી મુરલીનું પ્રસારણ ઘર ઘર આત્મા આત્મા સુધી પહોંચે છે. મુરલી મંથન, મનન ચિંતન યોગ અભ્યાસના કાર્યક્રમો, વિવિધ અને વિશિષ્ટ મુદ્દાઓ પર ચાલતા કાર્યક્રમો, બાબાના બાળકોને લાભાન્વિત કરે છે. આ ચેનલથી યજ્ઞસેવાનો વ્યાપ, વિસ્તાર અને સઘનતા વધી છે. હવે તો ઈન્ટરનેટ મારફતે મુરલી બાબાના બાળકોને તેમના મોબાઈલ પર મોકલાય છે. બાબાના જે બાળકો ગીતા પાઠશાળા / સેવાકેન્દ્રથી દૂર હોય, વ્યવસાયમાં હોય તો પણ તેમની પ્રિય મુરલી મીસ થતી નથી.

હિન્દી ગુજરાતી સહિત ભારતની વિવિધ ભાષાઓમાં પ્રસિદ્ધ થતા જ્ઞાનામૃત તથા અન્ય મેગેઝિન દ્વારા ઈશ્વરીય જ્ઞાન દેશ વિદેશમાં બાબાના બાળકો સુધી પહોંચાડવાની સેવા ચાલુ છે. જાનકી દાદી, ગુલઝાર દાદી, રતનમોહિની દાદી, શિવાની બેન, ઉષાબેન, ગીતાબેન, શીલુદીદી, આશાબેન, સૂરજભાઈ, નિર્વેરભાઈ, બ્રીજમોહનભાઈ જેવા મહાન જ્ઞાની આત્માઓની કૃતિઓ દ્વારા સેવા થઈ રહી છે. મધુબન, શાંતિવન, જ્ઞાન સરોવર પર સેવાઓ આપતા જ્ઞાની આત્માઓનાં પુસ્તકો પણ યજ્ઞ સેવાનું માધ્યમ છે.

સમર્પિત થયેલી બહેનોને શાંતિવનમાં ખાસ તાલીમ આપી પ્રશિક્ષિત કરવામાં આવે છે. આવી બ્રહ્માકુમારી બહેનો સેવાકેન્દ્ર / ગીતા પાઠશાળામાં જઈ સેવા કરે છે. શાંતિવન અને જ્ઞાન સરોવર સંકુલોમાં આવાસ નિવાસની વિશાળ સુવિધાઓ છે. મોટા મોટા સભાખંડો છે ત્યાં દેશ વિદેશથી, બાબાના બાળકોને બોલાવી બાબા અવતરણના કાર્યક્રમો, યોગ, શિબિરોમાં ભાગ લઈ જ્ઞાન લે છે. યોગ શીખે છે. આવા બાળકો ગીતા પાઠશાળા / સેવાકેન્દ્રો પર જઈને સેવાનો વ્યાપ વધારે છે.

ભારતના વિવિધ ઝોન પાડવામાં આવ્યા છે જે તે ઝોનના ઈન્ચાર્જ બ્રહ્માકુમારી બહેનો મારફતે સંચાલન કરી સેવાકેન્દ્રો ખૂલતાં જાય છે. વિદેશોમાં પણ ખંડો ઉપખંડોમાં સેવાકેન્દ્રો ખૂલતાં જાય છે. આવા સેવાકેન્દ્રો મારફતે ભારતમાં અને વિદેશમાં યજ્ઞસેવા થઈ રહી છે.

ભારતભરના રાજ્યોમાં જિલ્લા મથકોએ મુખ્ય સેવાકેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે. આવા મુખ્ય સેવાકેન્દ્રોના સહયોગમાં નગરી / તાલુકા મથકોએ સહાયક સેવાકેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે. આ સેવાકેન્દ્રો દ્વારા શહેરની સોસાયટીઓમાં અને ગામડાઓમાં ગીતાપાઠશાળાઓ ખોલવામાં આવી છે. આ રીતે યજ્ઞસેવાનો વિસ્તાર વધ્યો છે. સેવાકેન્દ્રો દ્વારા પ્રસંગોપાત પ્રદર્શની ગોઠવાય છે. શિવરાત્રી જેવા ઉત્સવો ઉજવાય છે. રક્ષાબંધન, મિલન સમારંભો જેવા કાર્યક્રમો શિબિરો દ્વારા બાબાના બાળકોમાં ઉત્સાહ અને જોશ વધે છે. આ રીતે શહેર શહેર ગામ ગામ, ઘર ઘર સુધી બાબાના રાજસ્વ અશ્વમેઘ અવિનાશી રૂદ્ર ગીતા જ્ઞાન યજ્ઞનો ફેલાવો કરવા યજ્ઞસેવા થઈ રહી છે.

ગીતાપાઠશાળા / સેવાકેન્દ્રોપર રોજ રોજ બાબાના જ્ઞાનના મહાવાક્યો - મુરલી વંચાય છે. સભ્યોની અનુકૂળતા મુજબ મુરલી ક્લાસ સવારનો અથવા સાંજનો રખાય છે. કેટલાક સેવાકેન્દ્રો પર બંને સમય - સવાર સાંજ રખાય છે. ગીતાપાઠશાળા કે સેવાકેન્દ્રોના વાર્ષિકોત્સવ હોય, શિવરાત્રી મહોત્સવ હોય, લોકમેળા હોય, મમ્મા કે બ્રહ્મા બાબાના સ્મૃતિ દિવસો હોય - તેવા સમયે ભઠ્ઠી પ્રદર્શન, મિલન કાર્યક્રમો થાય છે. યોગ ભઠ્ઠી, સામૂહિક યોગના કાર્યક્રમો પણ થાય છે. આ રીતે ગીતા પાઠશાળાઓ પણ યજ્ઞસેવામાં સહયોગી થાય છે.

સંગમયુગ પર ઓલરાઉન્ડ સેવા કરવાની તક મળવી એ પણ સૃષ્ટિ રંગમંચ પરના નાટકમાં એક ગિફ્ટ સમાન છે. જે આત્માઓ પૂરા પ્રેમથી યજ્ઞની ઓલરાઉન્ડ સેવા કરે છે. તેમને સર્વ પ્રાપ્તિઓનો પ્રભુ પ્રસાદ આપોઆપ મળી જાય છે, તેવા આત્માઓ નિર્વિઘ્ન રહે છે. એક જ વાર સેવા કરી અને હજાર વાર સેવાનું ફળ પ્રાપ્ત થઈ ગયું. સદા સ્થૂલ સેવા (ભૌતિક સ્વરૂપે કરેલી સેવા) અને સૂક્ષ્મ સેવા (મનસા સેવા) કરનારનું લંગર (શિવબાબા સાથેનું જોડાણ) લાગી રહે છે. કોઈપણ આત્માને સંતુષ્ટ કરવો એ મોટી સેવા છે.

શિવબાબાએ રચેલો રૂદ્ર યજ્ઞ બેહદનો છે, જે સ્વરાજ્ય અપાવે છે. આ યજ્ઞના રચયિતા બાબા છે, તો તમે બાબાના બાળકો પણ રચનામાં ભાગીદાર છો. આ યજ્ઞથી બાબાના બાળકોનું ભવિષ્ય હીરા જેવું બની રહ્યું છે, એટલે જ બાબાનો યજ્ઞ, એ અમારો યજ્ઞ, એમ બાળકો સમજે છે. આ યજ્ઞમાં આખુંય જૂનું વિશ્વ સ્વાહા થવાનું છે. યજ્ઞ એવો મોટો યજ્ઞ છે કે મનુષ્ય કોડીમાંથી હીરા જેવો બનવાનો છે. ભ્રષ્ટાચારીમાંથી શ્રેષ્ઠાચારી બનવાનો છે. બાબા તેમના બાળકો પાસે માત્ર 3 ડગલાં પૃથ્વીની માગણી કરે છે, એટલે કે ગીતા પાઠશાળા / સેવાકેન્દ્ર માટે એક રૂમ / હોલ / મકાનની વ્યવસ્થા કરો તો ગીતાપાઠશાળા / સેવાકેન્દ્રમાં જ્ઞાન લેનાર બાળકોનું 21 જન્મોનું ભાગ્ય સુધરી જાય. બાબા કહેતા રહે છે કે આ રૂદ્ર યજ્ઞનો પ્રભાવ તો ખૂબ જ વધશે. તોફાનો સામે આવશે, વિઘ્નો પણ આવશે પરંતુ સત્યની નાવ હાલશે ખરી ડોલશે ખરી પણ ડૂબશે નહિ ! જે વત્સ યજ્ઞના કામમાં 1 રૂપિયો પણ આપશે તે સતયુગમાં પદ્માપતિ બનશે.

રાજસ્વ અશ્વમેઘ અવિનાશી રૂદ્ર ગીતા જ્ઞાન યજ્ઞ દ્વારા, શિવસંતાનો વડે જ નવી દુનિયાની સ્થાપના થઈ રહી છે. સતયુગી દુનિયા દૂર નથી. માટે જ આપ સૌ યજ્ઞ સેવાના સહયોગી બનો. યજ્ઞસેવામાં નથી જોડાયા તો જોડાઈ જાઓ. જોડાઈ ગયા છો, તો યજ્ઞ સેવાનો વિસ્તાર અને ગહનતા વધારો, એવી શુભકામના તથા શુભ ભાવના સહ.

॥ ઓમશાંતિ ॥

- Peace of Mind ચેનલ પરના તા. 28/ 29-06-2017ના રોજ પ્રસારિત થયેલું શીલુદીદીનું પ્રવચન.
- બ્ર.કુ. મોહિનીબેન, પ્રાંતિજ સેવાકેન્દ્રનું માર્ગદર્શન.

(પેજ નં. 25નું અનુસંધાન)... વિનયથી વિદ્યાર્થી

લાઈટના મૂલ્યનિષ્ઠ શિક્ષણના અભિયાનની શરૂઆત સ્કૂલોથી કરી દીધી છે. જે વર્તમાન સમયે વિદ્યાર્થીઓને શિક્ષિતની સાથે સાથે દીક્ષિત પણ બનાવી રહી છે. મિત્રો, આપણા આ મૂલ્યનિષ્ઠ શિક્ષણ **ટચ ધી લાઈટ**ના અભિયાનને દિલથી શુભકામનાઓ સાથે વધાવી લઈએ.

॥ ઓમશાંતિ ॥

દિવ્યદર્શન

મમ્મા - જગદંબા સરસ્વતી

આસુરી વૃત્તિઓનો સંહાર કરનાર બ્રહ્માની આ મુખપુત્રી જગતમાં જગદંબા સરસ્વતી તરીકે ઓળખાયા.

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

નવરાત્રિ પર્વમાં દેવીઓની આરતી ઉતારતાં ઉચ્ચારણ કરીએ છીએ કે, 'શિવશક્તિની આરતી જે કોઈ ગાશે તે સ્વર્ગે જાશે.' દેવીઓની અર્થાત્ શિવશક્તિઓની ઉપાસના સર્વત્ર થાય છે. તે કોણ છે ? ક્યારે આવીને ગઈ ? ક્યારે થઈ ગઈ ? સર્વ શિવશક્તિઓમાં શિરોમણિ સર્વોચ્ચ કોણ ? તેમનું જીવનચરિત્ર જાણવું ખૂબ જ જરૂરી છે. વિદ્યાની દેવી છે, સરસ્વતી, જગતમાતા છે - જગદંબા.

શાસ્ત્રોની એક દંતકથા પ્રમાણે જ્યારે સમગ્ર વિશ્વમાં અસુરોનું સામ્રાજ્ય છવાય જાય છે અને દેવતાઓને રહેવાનું સ્થાન મળતું નથી ત્યારે બધા દેવતાઓ મદદ લેવા માટે બ્રહ્માજી પાસે જાય છે. તેમની વાત સાંભળી બ્રહ્માજીએ એક મુખપુત્રી ઉત્પન્ન કરી. તથા વિષ્ણુએ તેને દિવ્ય અલંકારોથી શણગારી. શંકરજીએ તેને સંહાર માટે ત્રિશૂળ આપ્યું તથા ઈન્દ્રરાજાએ અસ્ત્રો-શસ્ત્રો પ્રદાન કર્યા. બ્રહ્માજીએ આદેશ આપ્યો કે, 'જા બેટી, અસુરો હારી ગયા અને દેવતાઓની જીત થઈ. આ કથા કળિયુગના અંતિમ સમય તથા સતયુગની શરૂઆતના સમયની વચ્ચેના સંધિકાળના સમયની અર્થાત્ સંગમયુગની કથા છે. આ નાનો સંગમયુગ અત્યારે ચાલી રહ્યો છે. અસુરો અર્થાત્ આસુરી વૃત્તિઓનો સંહાર કરનાર બ્રહ્માની આ મુખપુત્રી જગદંબા સરસ્વતી તરીકે ઓળખાય છે. 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય'માં તેઓ 'મમ્મા'ના હુલામણા નામથી ઓળખાયા. તેમને 'માતેશ્વરી જગદંબા સરસ્વતી' તરીકેનું બિરુદ પણ મળ્યું. તેઓ સર્વોચ્ચ શિવશક્તિ બન્યા.

મમ્માનો જન્મ અમૃતસરમાં સાધારણ પરિવારમાં થયો હતો. તેમનું મૂળ નામ રાધા હતું. તેઓ હિંદી ભાષા ઉપરાંત સિંધી, ગુરુમુખી, અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતા હતા. તેઓ સ્કૂલમાં ભણવામાં હોંશિયાર હતા અને પ્રથમ નંબર મેળવતા. તેમની યાદશક્તિ અદ્ભુત હતી. તેમનો કંઠ સુરીલો હતો. તેઓ વીણા વગાડવામાં નિપુણ હતા. તેઓના તન અને મન ખૂબ જ મનમોહક સુંદર હતાં. તેમનું શરીર સંતુલિત બાંધાવાળું હતું. તેમના નેત્રો કમળના ફૂલ જેવા દિવ્ય હતા. તેઓને કમર સુધી ઝુલતા લાંબા કાળા ભમ્મર વાળ હતા. તેમના ચહેરા પર દિવ્ય તેજ આત્મા હતો. તેઓનું વ્યક્તિત્વ ચુંબકીય હતું. તેઓ કોમળતા, સરળતા, પવિત્રતા, સાદગી, સ્નેહ, નમ્રતા જેવા ગુણોનો અવતાર હતા. તેમના વક્તવ્ય અને કર્તવ્ય મહાન હતાં. પ્રશાસકીય વહીવટી આવડત ઉત્તમ હતી. તેઓ આધ્યાત્મિક શક્તિઓના સ્ટોક હાઉસ જેમ હતા.

'જ્યાં જ્યાં નારીઓની પૂજા થાય છે ત્યાં દેવતાઓ ભ્રમણ કરે છે.' એવા ગુણગાન કરનારા ભારત દેશમાં સદીઓ માટે કપરો સમય આવ્યો કે જ્યાં નારીઓની દુર્દશા થઈ. સ્ત્રીઓને ઘરની ચાર દીવાલોમાં પૂરાઈ રહીને કેદી કે દાસી તરીકે જીવન

વીતાવવું પડતું. સ્ત્રીઓને નર્કનું દ્વાર તથા તાડનની અધિકારી ગણી મૂઢ માર મારવામાં આવતો. આવા સમયે ઈ.સ. 1936માં સ્ત્રીઓના ઉધ્ધારક તરીકે માતાઓ તથા કન્યાઓને માનભર્યો દરજ્જો આપનાર એક વિરલ સંસ્થા નિરાકાર પરમાત્મા શિવ દ્વારા સ્થપાઈ જેનું નામ છે - પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય. આ સંસ્થામાં જ્ઞાનનો કળશ બહેનોના માથા પર મૂકાયો છે. વિશ્વભરમાં 150 થી વધુ દેશોમાં પ્રસરેલી આ આંતરરાષ્ટ્રીય સંસ્થાનો વહીવટ મહિલાઓ દ્વારા ઉત્તમ રીતે થાય છે. જે નારી સશક્તિકરણનો બેનમૂન નમૂનો છે.

બ્રહ્માકુમારી સંસ્થાનમાં પ્રારંભકાળમાં જ રાધા નામની પંદરેક વર્ષની કન્યા જોડાઈ. જેમનું નામ 'ઓમ રાધે'માં બદલાઈ ગયું. અસાધારણ બુદ્ધિમત્તા, આવડત અને દિવ્ય ગુણોથી ભરપૂર 'ઓમ રાધે' સંસ્થામાં તરત સૌ પ્રથમ નંબર પર આવી ગયાં અને આ સંસ્થાના નિમિત્ત સ્થાપક 'પ્રજાપિતા બ્રહ્મા'નો જમણા હાથ સમાન બન્યા. અંત સંસ્થામાં તેઓ વિદ્યાની દેવી સરસ્વતી અને જગત માતા જગદંબાનો કિરદાર (રોલ) ભજવનાર મમ્માના નામથી ઓળખાવા લાગ્યા. બાળકોથી માંડીને વૃદ્ધો સહિત સૌ તેમને મમ્મા કહેતા. પ્રજાપિતા બ્રહ્માની મુખપુત્રી - માનસપુત્રી જગદંબા સરસ્વતી પ્રથમ મુખ્ય પ્રશાસિકા મુખ્ય ટીચર બન્યા. મમ્માએ ઈશ્વરીય નિયમો મુજબ સંસ્થાનો ખૂબ જ સુંદર વહીવટ કર્યો. સંસ્થામાં બહેનોની મોટા પ્રમાણમાં સંખ્યા હોવાથી તેમની અદ્‌ભુત પાલના કરી.

બાલ બ્રહ્મચારિણી મમ્માએ ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગનો ગહન નિરંતર અભ્યાસ કર્યો અને સિંહ સમાન બળવાન વિષય - વિકારો પર જીત મેળવી, આધ્યાત્મિક શક્તિઓના પાવરહાઉસ બની અન્ય આત્માઓને વિકારો પર જીત મેળવવામાં મદદરૂપ બન્યા. જગદંબાની સિંહ પર સવારી બતાવવાનું કારણ એ છે કે, તેમણે સિંહ જેવા બળવાન કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર રૂપી વિકારો પર સંપૂર્ણ જીત મેળવી. સરસ્વતીનું વાહન, મોર, સફેદ વસ્ત્ર અને હાથમાં વીણા બતાવ્યા છે. મોર પવિત્રતાનું પ્રતિક રાષ્ટ્રીય પંખી છે. મમ્મા મન-વચન-કર્મથી સંપૂર્ણ પવિત્ર હતા અને શ્વેત વસ્ત્રો પહેરતા હતા. વીણાવાદન સમો તેમનો મધુર મીઠો કંઠ અને દુઃખ દર્દભર્યા માનવીઓના દુઃખ દૂર કરી ખુશી પ્રદાન કરતો.

1951માં 14 વર્ષની ગહન તપસ્યા પછી આ સંસ્થા કરાંચીથી માઉન્ટ આબુમાં સ્થળાંતરણ પામી અને પછી આર્થિક સંકડામણના બેગરી પાર્ટમાં પણ મમ્માએ કરકસરતાપૂર્વક કુશળતાથી વહીવટ કર્યો. ભારતમાં વિવિધ શહેરોમાં સ્થપાતા જતા સેન્ટરોમાં તેઓ થોડા થોડા સમયાંતરે આંટો મારી બ્રહ્માકુમાર ભાઈ-બહેનોમાં આધ્યાત્મિક શક્તિ ભરતા. મહિલાઓના સશક્તિકરણ માટે તેઓ નિમિત્ત બન્યા તથા શિવશક્તિ પાંડવસેનાના સૂત્રધાર રૂહાની સેનાપતિ બનીને રહ્યાં. 28 વર્ષ સુધી સળંગ નિરંતર યોગ અને સેવાનો અથાક પરિશ્રમ કરી, અનેક આત્માઓની જ્યોત જગાવી, આશરે 44 વર્ષની યુવાન ઉંમરે તારીખ 24 જુન, 1965 ગુરુવારના રોજ જગદંબા સરસ્વતીએ પોતાનો પાર્થિવ દેહ છોડ્યો. દર વર્ષે 24મી જુન તેમની પુણ્યતિથિને 'મમ્મા ડે' તરીકે સમગ્ર વિશ્વના પાંચ ખંડોમાં સર્વ બ્રહ્માકુમાર ભાઈ-બહેનો બ્રહ્માકુમારીઝના સર્વ સેવાકેન્દ્રો પર વિશેષ ઉત્સવના રૂપે મનાવે છે.

પ્યારી મમ્માને મારા સ્નેહના શ્રધ્ધાસુમન સમર્પણમ્...

જગદંબે માં જગ કલ્યાણી...|| **ઓમશાંતિ** ||

ચિંતન

બ્ર.કુ. પિનાક, નારણપુરા, અમદાવાદ

બ્રહ્માવત્સ બન્યા હોય કે બ્રહ્માવત્સ બનવાનુ હોય તેમણે બાબાની જીવન કહાનીના બે ભાગ અચૂક વાંચવા જરૂરી છે.

93 વર્ષ સુધી મીઠા બ્રહ્માબાબાએ જીવનના અંતિમ દિવસ સુધી સેવા કરી તે આધ્યાત્મિક જીવનના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

બાબાએ જે સમર્પણ કર્યું. તેની કોઈની સાથે તુલના થઈ શકે તેમ નથી. બ્રહ્માબાપ સમાન કહીને કોઈને બિરદાવીએ, આદર જરૂર આપીએ. પણ બ્રહ્માપિતાનું મહાન જીવન આપણી સામે છે.

વૈરાગ્યનાં વસ્ત્રો, તિલક, માળા વગેરે ઓળખ ચિન્હો રાખ્યા વિના માત્ર સફેદ વસ્ત્રોમાં અતિ સાદગીમાં રહ્યા. જરૂરિયાતો ઘણી ઓછી. સત્તા, સમૃદ્ધિ, સુખ સગવડો, સંબંધો, સન્માન વગેરે કોઈના પણ પ્રભાવમાં આવ્યા નહીં.

સ્થિતપ્રજ્ઞની અવસ્થામાં રહ્યા. મમ્મા, પરિવારનાં સ્વજનોએ દેહત્યાગ કર્યા. નારાયણદાદા યજ્ઞ છોડીને મુંબઈ ગયા પણ બાબાની અવસ્થા એકરસ રહી. વિચલિત થયા નહીં. દિવ્યતા, પ્રસન્નતા અંત સુધી જળવાઈ રહી.

સર્વસ્વ ત્યાગી બન્યા છતાં ત્યાગનો ભાવ વાણી કે વ્યવહારમાં આવ્યો નહીં. દેહભાન તો એટલું ઓગાળી દીધું કે સ્વયંને પરમાત્માની પત્ની, બ્રહ્માવત્સોની માતા વગેરે શબ્દો કહીને એમણે નિરંતર દેહી અભિમાની, વિરક્ત સ્થિતિની અનુભૂતિ કરાવી.

બેગરી પાર્ટ વખતે, પીકેટીંગ વખતે, કોર્ટમાં કેસ ચાલતી વખતે, બદનામીના અનેક પ્રસંગો વખતે, અખબારોમાં આવેલા ખોટા પ્રચાર વખતે, સેન્ટરો સ્થાપવામાં હાપુડ વગેરે સ્થળોએ થયેલા વિરોધો વચ્ચે પણ તેઓ શિવબાબાના એક બળ એક ભરોસાથી અણનમ રહ્યા.

મુરલીમાં વેરાયટી ડ્રામા, વેરાયટી પાર્ટ તરીકે બ્રહ્માવત્સોનું વિશ્લેષણ કર્યું પણ ગરીબ-ધનિક, સત્તાધીશ - સત્તા વગરના શિક્ષિત - અશિક્ષિત, સ્ત્રી-પુરુષ એવા કોઈપણ પ્રકારના ભેદ વગર સૌની સાથે સમાન રૂહાની પ્રેમ આપ્યો, પાલના કરી.

બ્રહ્માબાબાએ જે બ્રહ્માવત્સો (બહેનો-ભાઈઓ)ને ઓળખીને જે વરદાનો આપ્યાં તે નિમિત્ત આત્માઓ આજે વિશ્વમાં સંસ્થાનું, સ્વયંનું નામ રોશન કરી રહ્યાં છે. બાબાના વરદાનોની છત્રછાયામાં અતિ ઉલ્લેખનીય સિદ્ધિઓ મેળવી રહ્યાં છે.

જ્યારે યજ્ઞમાં અંગ્રેજી જાણનાર, ડીગ્રીધારી, વિશેષ યોગ્યતાવાળા બ્રહ્માવત્સો નહોતા ત્યારે બાબાએ અવનવી વાતો (આગાહીઓ નહીં) કરી હતી. તે આજની વાસ્તવિકતા બની ગઈ છે. વિશ્વના 140 દેશોમાં ઈશ્વરીય સંદેશ પહોંચ્યો છે. દેશના, વિદેશોના અનેક વિશેષ પદવીધારી, વિશેષતાઓ સંપન્ન, નામીગ્રામી પ્રતિષ્ઠિત પ્રતિભાઓ આજે યજ્ઞમાં છે. જેમાં વીસ વીંગોની સેવાઓએ કમાલ કરી છે. તેનો અણસાર સાકારવાણીઓમાં છે.

વૃજકોઠીમાં નીકળેલા સાપને પણ બચ્ચે કહીને સંબોધન કરનાર બાબાએ પોતાની હત્યા કરવા આવેલા લોકોનું પણ જીવન પરિવર્તન કર્યું. તેમને માફ કરી દીધા. કલકત્તામાં પ્રદર્શની

સળગાવનાર વિરોધીઓ સામે કેમ કરવાનું સૂચન મળતાં બાબાએ કહ્યું, 'બાપ કભી બચ્ચોં પર કેસ કર સકતા હૈ ?' માત્ર તેમણે વીમો લેવાની જ વાત કરી.

પ્રારંભમાં થયેલા સાક્ષાત્કારો, અણુશસ્ત્રોની સ્પર્ધા, પ્રાકૃતિક આપદાઓની વાતો આજે વાસ્તવિક બની ચૂકી છે. દરિયા કિનારે રહેલાં શહેરો પાણીમાં વિલિન થઈ જશે એવું બાબાએ સાકારવાણીઓમાં કહેલું છે. આજે વૈજ્ઞાનિકો ગ્લોબલ વોર્મીંગની વાતો કહીને તેનું સમર્થન કરે છે કે અતિ ગરમીને કારણે હિમાલય ઓગળશે જેનાથી દરિયાની સપાટી ઊંચી થશે અને શહેરો ડૂબી જશે. આજે અતિશય ઊંચાં બહુમાળી બીલ્ડીંગો બની રહ્યાં છે. ત્યારે બ્રહ્માવત્સોએ બાબાની પ્રાકૃતિક આપદાઓ, વિનાશકારક વાવાઝોડાં, સુનામી વગેરેનાં દૃશ્યો નજર સમક્ષ લાવવાં જોઈએ. થોડા સમય પહેલાં 'પ્યુરિટી'માં ચિત્ર સાથેનો લેખ આવેલો છે.

જ્યારે ત્રણ પગલાં જમીન પણ મળતી નહોતી. દાદીઓએ, દીદીઓએ અતિકષ્ટો વેઠીને બાબાની સેવા કરી. આજે બાબાએ કહ્યા મુજબ દેશ વિદેશોમાં ભવ્ય ભવનો બની ગયાં છે. બની રહ્યાં છે. મીડિયા તેમજ ભિન્ન ભિન્ન ક્ષેત્રની પ્રતિભાઓ, વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો વગેરે આજે સંસ્થાનું સન્માન કરે છે. તેના પાયામાં બ્રહ્માબાબાએ વહેલી સવારે બે વાગે ઉઠીને તથા નિરંતર કરેલી યોગ તપસ્યા અને વિશ્વમાં મોકલેલાં વાયબ્રેશનો અને સકાશ છે.

આવી તો અનેક વાતો છે. સાગરને ગાગરમાં સમાવીને વિચારો લખ્યાં છે. બ્ર.કુ. બિન્નીબહેને (ગ્લોબલ હોસ્પિટલ) યજ્ઞના ઈતિહાસ સાથે પીએચ.ડી. કરેલ છે. પણ એકલા બ્રહ્માબાબાનું જીવન પણ પીએચ.ડી. કરવા માટે અણમોલ વિષય છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 20નું અનુસંધાન)... ગીતા પર નવું

પરમાત્મા શિવ ફરી સત્ય ગીતા જ્ઞાન આપી સનાતન ધર્મ જેને પાછળથી હિંદુસ્તાન દેશ ઉપરથી હિન્દુ કહી નાખ્યુ તે સનાતન ધર્મની પુનઃસ્થાપના કરી રહ્યા છે. આ નવો કોઈ ધર્મ કે સંપ્રદાય નથી પરંતુ ગીતા જ્ઞાનની પુનરાવૃતિ થઈ રહી છે. ગીતાના ભગવાન એક જ વ્યક્તિ (અર્જુન) માટે નહોતા આવ્યા. આપણા સૌની ગતિ-સદગતિ કરવા આવ્યા છે. તો આવો અને ભવિષ્યના 21 જન્મોનો દૈવી વારસો મેળવો. નિંદ્રામાંથી જાગો. કલિયુગ પૂર્ણાહુતિને આરે છે.

॥ ઓમશાંતિ ॥

- **સંતુષ્ટતાની સીટ પર બેસીને પરિસ્થિતિઓનો ખેલ જોવો એજ સંતુષ્ટમણિ બનવું છે.**
- **ઉપકાર, દયા અને ક્ષમા - આ માનવનાં પરમ કર્તવ્ય છે.**
- **સૃષ્ટિની કયામત (વિનાશ) પહેલાં પોતાની ખામીઓ અને નબળાઈઓની કયામત કરો.**
- **પ્યુરિટીની રોયલ્ટીમાં રહો, તો હદનાં આકર્ષણોથી ન્યારા બની જશો.**

Published and Printed by BK Sarlaben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

પાટડીમાં BJP દ્વારા આયોજીત 'મહિલા સંમેલન'માં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. પ્રિયાબેન, મંચ ઉપર MLA ભ્રાતા પૂનમભાઈ, BJP પ્રમુખ ભ્રાતા દિલીપભાઈ તથા જીલ્લાની મહિલા કાર્યકર્તાઓ.

રાજકોટની ગોલ્ડન જ્યુબિલી અંતર્ગત ૧૫ કિ.મીની 'સ્વર્ણિમ પદયાત્રા' દ્વારા અકસ્માતના વિસ્તારોમાં સકાશ અને વાયબ્રેશનની સેવામાં બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. રેખાબેન, બ્ર.કુ. ગીતાબેન અને બ્રહ્માવત્સો.

સિધ્ધપુર ખાતેની 'યોગ ભગાવે રોગ' શિબિરમાં યોગાચાર્ય ભ્રાતા દુષ્યંતભાઈ મોદી, કૉરપોરેટર ભ્રાતા ભરતભાઈ, વ્યાપારી ભ્રાતા પોપટભાઈ, ઈનરવ્હીલ ક્લબના પ્રમુખ જૈમિનીબેન, નયનાબેન મોદી, બ્ર.કુ. વિજયાબેન, બ્ર.કુ. દક્ષાબેન તથા શિબિરના લાભાર્થીઓ.

સુરત વરાછારોડ સેવાકેન્દ્ર પર આયોજીત 'સ્વચ્છતા જાગૃતિ બાળ વ્યક્તિત્વ વિકાસ શિબિર'માં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. જૈમિનાબેન તથા શિબિરમાં ભાગ લેનાર બાળકો.

અમદાવાદ વસ્ત્રાપુરમાં બાળકોના સમર કેમ્પ 'ફન ઈન ધી સન'માં બ્ર.કુ. નીરુબેન, બ્ર.કુ. જાનકીબેન, પ્રો. રશ્મિબેન, ટોરન્ટના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર મોહનભાઈ મોદી, વાલીઓ અને બાળકો.

રાજકોટ અવધપુરી સેવાકેન્દ્રમાં ઉનાળુ વેકેશન દરમિયાન બાળકો માટે 'રોડ સેફ્ટી જાગૃતિ'ની ૩ દિવસીય શિબિરમાં ભાગ લેનાર બાળકો સાથે બ્ર.કુ. રેખાબેન.

Gyan Amrit

Vol.12 | Issue 6 | June 2019 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

અમદાવાદમાં GMDC હોલ ખાતે આયોજીત 'ક્રિએટીંગ યોર ડેસ્ટીની' કાર્યક્રમમાં બ્ર.કુ. શિવાનીબેનનું સ્વાગત કરતાં એન.કે.પ્રોટીન કંપનીના ચેરમેન ભ્રાતા નિમેશભાઈ, મેનેજીંગ ડાયરેક્ટર ભ્રાતા નિલેશભાઈ, સોનલબેન, આશિતાબેન સાથે-સાથે બ્ર.કુ. શિવાનીબેનને મોમેન્ટો અર્પણ કરતાં કર્મા ફાઉન્ડેશનનાં ફાઉન્ડર ભગિની પ્રિયાંશીબેન, ફાઉન્ડર ભ્રાતા ચિરંજીવભાઈ.

અમદાવાદના શિવાનંદ આશ્રમના વાર્ષિક ઉત્સવ પ્રસંગે બ્ર.કુ. શિવાનીબેનનું 'મનની શક્તિઓ' વિષયના વ્યાખ્યાન બાદ સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજ, બ્ર.કુ. ઉષાબેન તથા તાઈવાનથી પધારેલ યુવા ભાઈ-બહેનો સાથે સમૂહ તસ્વીર. શિવાનંદ આશ્રમના અષ્ટ લક્ષ્મી મંદિરમાં બ્ર.કુ. શિવાનીબેનનું સ્વાગત કરતાં ભગિની પૂનમબેન બાજુમાં સ્વામી શ્રી અધ્યાત્મનંદજી મહારાજ.

અમદાવાદ મહાદેવનગર ખાતે 'દિવ્ય શક્તિ સંગઠનનું નિર્માણ' કાર્યક્રમમાં મહિલા પ્રભાગના રાષ્ટ્રીય સંયોજીકા બ્ર.કુ. શારદાબેન, યુવા પ્રભાગના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બ્ર.કુ. ચંદ્રિકાબેન, પારસબેન, આરતીબેન, ભાર્ગવીબેન, પ્રિયાંશીબેન, હેમાબેન, બ્ર.કુ. બહેનો.

વડોદરા અલકાપુરી સેવાકેન્દ્ર દ્વારા બ્ર.કુ. ડૉ. નિરંજનાબેનની ઈશ્વરીય સેવાઓની સુવર્ણ જયંતી તથા ૭૦મા જન્મોત્સવ અને ૧૦૮ સમર્પિત ભાઈ-બહેનોના સન્માન સમારોહની ઉજવણી પ્રસંગે દીપ પ્રજ્જવલન કરતાં બ્ર.કુ. ચક્રધારીબેન સાથે મહાનુભાવો.